અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ એપ્રિલ ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ ૮ | અંક : ૨૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## કેજરીવાલને ૧૫ દિવસ માટે જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

### કેજરીવાલની હાજરીમાં ઈડીએ કોર્ટમાં કહ્યું કે, તેઓ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે : અરવિંદ કેજરીવાલને તિહાડ જેલમાં રાખવામાં આવશે

। નવી દિલ્હી, તા.૧ ।

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે ફરી દિલ્હી લિકર પોલિસી કેસની સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં ઈઢ તરફથી એએસજી રાજુએ તો મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તરફથી રમેશ ગુપ્તાએ દલીલ રજુ કરી હતી. કેજરીવાલની હાજરીમાં ઈડીએ કોર્ટમાં કહ્યું કે, તેઓ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેજરીવાલે પૂછપરછમાં આમ આદમી પાર્ટીના બે નેતાઓના નામ આપ્યા હોવાનો ઈડીએ કોર્ટમાં દાવો કર્યો છે. કેસની સુનાવણી અંતે કોર્ટે કેજરીવાલને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ તિહાર જેલ મોકલી દીધા છે. આ કેસમાં કેજરીવાલ છેલ્લા ૧૦ દિવસથી જેલમાં છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ દિવસ માટે જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. તેમને તિહાડ જેલમાં રાખવામાં આવશે. કેન્દ્રીય એજન્સીએ સીએમની ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી માંગી હતી જેના પર રાઉજ એવન્યુ કોર્ટે મહોર લગાવી દીધી. કોર્ટમાં પેશી માટે લઈ જવામાં આવતા હતા તે



વખતે કેજરીવાલે કહ્યું કે પીએમ જે પણ કરી રહ્યા છે તે ઠીક નથી કરી રહ્યા. આ ઉપરાંત ઈડીએ એક ચોંકાવનારો દાવો એમ પણ કર્યો છે કે કેજરીવાલે બે નેતાઓના નામ આપ્યા છે. કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું કે કેજરીવાલ તપાસમાં મદદ કરતા નથી. તેઓ ગોળગોળ જવાબ આપે છે અને તપાસ આગળ ન વધે એટલે તેમના આઈફોનના પાસવર્ડ પણ આપતા નથી. મીડિયા રિપોર્ટ્સ મુજબ હાલમાં તિહાડ જેલમાં હાઈલેવલ બેઠક થઈ હતી. કહેવાયું હતું કે આ મામલે આજે પણ એક હાઈ લેવલની બેઠક થઈ છે. ગત બેઠકોમાં ચર્ચા થઈ હતી કે જો કેજરીવાલને જ્યુડિશિયલ કસ્ટડીમાં તિહાડ જેલમાં રાખવામાં આવે તો તેમને કયા નંબરની જેલમાં રાખવા. આ સાથે જ તેમની સુરક્ષાને લઈને પણ ચર્ચા થઈ. ઈડીએ કોર્ટમાં જણાવ્યું કે પૂછપરછમાં કેજરીવાલ ગુમરાહ કરવાની કોશિશ કરે છે. જે સમયે ઈડીના વકીલ દલીલ કરી રહ્યા હતા ત્યારે અરવિંદ કેજરીવાલ કોર્ટમાં હાજર હતા. જ્યારે ઈડીએ કોર્ટને જણાવ્યું કે કેજરીવાલે પૂછપરછમાં જણાવ્યું છે કે વિજય નાયર આતિશી અને સૌરભ ભારદ્વાજને રિપોર્ટ કરતા હતા. તો તે વખતે કેજરીવાલ ચૂપ્પી સાધીને બેઠા હતા. આવું પહેલીવાર બન્યું છે કે જ્યારે તેમણે કોર્ટમાં બે મંત્રીઓના નામ લીધા. કેજરીવાલે ઈડીને પૂછપરછ દરમિયાન કહ્યું કે વિજય નાયર તેમને નહીં પરંતુ આતિશી અને સૌરભ ભારદ્વાજને રિપોર્ટ કરતા હતા. નોંધવા જેવી વાત એ છે કે જ્યારે ઈડી કોર્ટમાં આ જણાવી રહી હતી ત્યારે કેજરીવાલે તે વાતને ફગાવી પણ નહીં અને મૌન જાળવી રાખ્યું. મીડિયા રિપોર્ટ મુજબ જે સમયે સૌરભ ભારદ્વાજનું નામ લેવાયું ત્યારે તેઓ કોર્ટ રૂમમાં હાજર હતા. પોતાનું નામ સાંભળીને તેઓ ચોંકી ગયા હતા અને તમણે ત્યાં ઊભેલા સુનિતા કેજરીવાલ તરફ જોયું અને સુનિતા કેજરીવાલે પણ સૌરભ ભારદ્વાજ તરફ જોયું હતું. અત્રે જણાવવાનું કે આતિશી ગોવા વિધાનસભા ચૂંટણી વખતે ગોવા પ્રભારી હતા.

## ન્યૂઝ બ્રિફ

### તમારા ઘરનું નામ બદલી નાખું તો મારું થઈ જાય : જયશંકર

। (એજન્સી) ઈટાનગર, તા.૧ ।

ચીન દ્વારા અરુણાચલમાં ૩૦ સ્થળોના નામ બદલ્યાં હોવાનું સામે આવતાં વિદેશ મંત્રી જયશંકર ભડક્યા છે. આજે આ મુદ્દે ગુજરાતના સુરતમાં બોલતાં જયશંકરે ચીનને જવાબ આપ તાં કહ્યું કે જો આજે હું તમારા ઘરનું નામ બદલી નાખું તો શું તે મારુ થઈ જશે. અરુણાચલ ભારતનું છે અને હંમેશા રહેશે. નામ બદલવાથી કોઈ ફર્ક નહીં પડે. આપણી સેના ત્યાં (લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ) તહેનાત છે. નામ બદલવાનો ચીનનો હાસ્યાપદ છે અને કાયમ હાસ્યાપદ જ રહેશે. અરુણાચલ પ્રદેશને પચાવી પાડવાની દાનત રાખી રહેલા ચીને અરુણાચલ પ્રદેશના ૩૦ સ્થળોના નામ બદલીને પોતાને નામે કર્યાં છે.

### ચીનને રોકવા માટે ભારત અને અમેરિકાએ મળીને યુદ્ધ કવાયત પૂર્ણ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ભારત અને યુએસ વચ્ચે દ્વિપક્ષીય ત્રિ-સેવા માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) કવાયત પૂર્ણ થઈ છે. ટાઈગર ટ્રાયમ્ફ ૨૦૨૪નો સમાપન સમારોહ ૩૦ માર્ચ ૨૦૨૪ના રોજ USS સમરસેટ પર યોજાયો હતો. આ કવાયત બંને દેશો માટે મજબૂત વ્યૂહાત્મક ભાગીદારીનો એક ભાગ છે. ભારત અને અમેરિકા બંને ચીનને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેથી આ બંને દેશોની યુદ્ધ કવાયતને આ સંદર્ભમાં જોવી જોઈએ.


## ભારતીય રિઝર્વ બેંકની ૯૦મી વર્ષગાંઠ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૯૦ રૂપિયાનો સિક્કો લોન્ચ કર્યો

### આ પ્રસંગે મોદીએ મુંબઈમાં કાર્યક્રમમાં હાજરી આપી

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

આજે ભારતીય રિઝર્વ બેંક (RBI)ની ૯૦મી વર્ષગાંઠ છે, જે દેશની કેન્દ્રીય અને સૌથી મોટી બેંક છે જે ભારતની તમામ બેંકોને નિયંત્રિત કરે છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે ૯૦ રૂપિયાનો સિક્કો પણ બહાર પાડ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૯૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે સરકારે નાણાકીય સ્થિતિ સુધારવા માટે ૩.૫ લાખ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ કર્યું છે. આરબીઆઈના ૯૦ વર્ષના કાર્ય



વિશે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશની બેંકિંગ સિસ્ટમને મજબૂત રાખવામાં આરબીઆઈની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આરબીઆઈ જે કંઈ કરે છે તેની સીધી અસર દેશના સામાન્ય લોકોની અર્થવ્યવસ્થા પર પડે છે. છેલ્લા તબક્કામાં ઉભેલા લોકોને નાણાકીય લાભ પહોંચાડવામાં આરબીઆઈએ મહત્વની ભૂમિકા ભજવી છે.

## આ ઘટાડો કોમર્શિયલ સિલિન્ડરના ભાવ પર થયો

## ગેસ સિલિન્ડરના ભાવમાં ૩૦.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરે ઘટાડો થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ગેસ સિલિન્ડરના ભાવમાં રાહત મળી છે. ચૂંટણી પહેલા ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સતત ૩ મહિનાથી વધતા ભાવના ટ્રેન્ડ પર આજે બ્રેક લાગી છે. ૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૩૦.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે, આ ઘટાડો કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર કરવામાં આવ્યો છે. આ પહેલા માર્ચમાં સિલિન્ડરના ભાવમાં ૨૫.૫૦



રૂપિયાનો વધારો થયો હતો. તે જ સમયે, ફેબ્રુઆરીમાં ૧૪ રૂપિયા અને જાન્યુઆરીમાં ૧.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. જોકે, ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સ્થાનિક એલપીજીના ભાવ યથાવત છે. IOCL અનુસાર, દિલ્હીમાં ૧૯ કિલો LPG સિલિન્ડરની કિંમત આજથી ૧૭૬૪.૫૦ રૂપિયા થઈ ગઈ છે. તે જ સમયે, પહેલા આ સિલિન્ડર ૧૭૯૫ રૂપિયામાં મળતું હતું. આ સિવાય કોલકાતામાં ગેસ સિલિન્ડરની કિંમત કપાત બાદ હવે ૧૮૭૯ રૂપિયા થઈ ગઈ છે. તે જ સમયે, પહેલા આ સિલિન્ડર ૧૯૧૧ રૂપિયામાં મળતું હતું. હવે આ સિલિન્ડરની કિંમત મુંબઈમાં ૧૭૧૭.૫૦ રૂપિયા થઈ ગઈ છે, પહેલા તેની કિંમત ૧૭૪૯ રૂપિયા હતી. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ચેન્નાઈમાં ૧૯૩૦.૦૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. OMCએ એવિએશન ફ્યુઅલના ભાવમાં પણ ઘટાડો કર્યો છે.

## ડીએમકેએ તમિલનાડુના હિતોની રક્ષા માટે કંઈ કર્યું નથી

## કોંગ્રેસ પછી કચ્ચાતિવુને લઈને DMK પર મોદીએ કર્યા પ્રહાર

### મોદીએ કહ્યું કે, તેઓએ અમારા ગરીબ માછીમારો અને માછીમાર મહિલાઓના હિતોને નુકસાન પહોંચાડ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે શ્રીલંકાને ભારતના કચ્ચાતિવુ ટાપુને સોંપવા પર કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને આજે પીએમએ DMK (દ્રવિડ મુનેત્ર કઝગમ) પર હુમલો કર્યો હતો. પીએમએ કહ્યું કે નિવેદનો આપવા સિવાય ડીએમકેએ તમિલનાડુના હિતોની રક્ષા માટે કંઈ કર્યું નથી. હકીકતમાં તાજેતરમાં માહિતી અધિકાર (RTI) હેઠળ એક રિપોર્ટ સામે આવ્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે કોંગ્રેસ સરકારના સમયમાં વર્ષ ૧૯૭૪માં ભારતનો કચ્ચાતિવુ



ટાપુ શ્રીલંકાને સોંપવામાં આવ્યો હતો. પીએમ મોદીએ આ મામલે વધુમાં કહ્યું કે કચ્ચાતિવુ પર બહાર આવેલી નવી વિગતોએ DMKના બેવડા માપદંડોને સંપૂર્ણપણે ઉજાગર કરી દીધા છે. વાસ્તવમાં એક અન્ય અહેવાલ સામે આવ્યો છે જે દર્શાવે છે કે તે સમયે તમિલનાડુના સીએમ એમ કરુણાનિધિને આ સમજૂતીની જાણ હતી.

## કેજરીવાલને તિહાડ જેલની બેરેક નંબર-૨માં રાખવામાં આવશે

### બેરેકની સીસીવીટી કેમેરાથી નજર રખાશે : દવાઓને જેલમાં રાખવા માટે પરવાનગી માંગવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. ઈડીની કસ્ટડી પૂરી થયા બાદ કેજરીવાલને આજે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ઈડીએ વધુ કસ્ટડીની માંગ કરી ન હતી, ત્યારબાદ કોર્ટે તેમને ૧૫ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં જેલમાં મોકલવાનો નિર્ણય કર્યો હતો. કેજરીવાલને તિહાડ જેલની બેરેક નંબર ૨માં રાખવામાં આવશે. તેમની સાથે બીજા કોઈને નહીં રાખવામાં આવે. તેમની બેરેકની ચોવીસ કલાક સીસીવીટી કેમેરાથી નજર રાખવામાં આવશે. કેજરીવાલે રામાયણ, ગીતા અને નીરજા ચૌધરીના પુસ્તક હાઉ પ્રાઈમ મિનિસ્ટર ડિસીઝનની માગણી કરી છે. આ સિવાય દવાઓને જેલમાં રાખવા માટે પરવાનગી માંગવામાં આવી છે. અરવિંદ



કેજરીવાલ, તિહાડમાં અન્ય કેદીઓ સાથે, તેમની સવાર સાંજે ૬:૩૦ વાગ્યે શરૂ કરશે. તેમને નાસ્તામાં ચા-બ્રેડ આપવામાં આવશે. સીએમ કેજરીવાલને સવારે સ્નાન કર્યા બાદ કોર્ટમાં જવું પડશે તો આ માટે મંજૂરી આપવામાં આવશે. આ દરમિયાન તે પોતાની લીગલ ટીમને પણ મળી શકશે. તિહારમાં બપોરનું ભોજન સવારે ૧૦:૩૦ થી ૧૧ દરમિયાન યોજાશે. તેમને ભોજનમાં દાળ, શાકભાજી અને પાંચ રોટલી કે ભાત આપવામાં આવશે. અન્ય કેદીઓની સાથે તેમને બપોરે ૩.૩૦ વાગ્યે બે બિસ્કીટ સાથે એક કપ ચા પીરસવામાં આવશે. સાંજે ૪ વાગ્યે સીએમ કેજરીવાલને પોતાના વકીલોને મળવાની મંજૂરી આપવામાં આવશે. તિહાર જેલમાં રાત્રિભોજન સાંજે ૫.૩૦ વાગ્યે શરૂ થાય છે. ત્યાં રાત્રે પણ દાળ, શાક, રોટલી કે ભાત આપવામાં આવે છે.

કેજરીવાલ તિહાડ જેલમાં ટીવીની સુવિધા પણ અપાઈ છે જોકે લોક-અપમાં અને ભોજન દરમિયાન ટીવી નહીં જોઈ શકે. કેજરીવાલ ડાયાબિટીસના દર્દી છે. આવી સ્થિતિમાં જેલની અંદર તેમની નિયમિત તપાસ કરવામાં આવશે. ઈમરજન્સી માટે ૨૪ કલાક ડોક્ટર હશે. કેજરીવાલના વકીલે તેમને વિશેષ આહાર આપવા વિનંતી કરી છે કારણ કે ડાયાબિટીસના દર્દીઓએ ભોજન અથવા નાસ્તા દરમિયાન વધારાની સાવચેતી રાખવી પડે છે. જેલમાંથી સરકારને ચલાવવાની પ્રક્રિયા અંગે તિહાર જેલના પૂર્વ પીઆરઓ સુનીલ કુમાર ગુપ્તા કહે છે, "આ ખૂબ જ પડકારજનક હશે.

મુખ્યમંત્રીની સાથે અંગત સ્ટાફ પણ હોવો જોઈએ. અત્યાર સુધી ૧૬ જેલ છે અને તેમાંથી કોઈને પણ એવી સુવિધા નથી કે જ્યાંથી મુખ્યમંત્રી પદ ચલાવી શકાય. આ માટે તમામ નિયમો તોડવા પડશે. કોઈ પણ આટલા બધા નિયમો તોડવા દેશે નહીં. સરકાર ચલાવવી એ માત્ર ફાઈલો પર સહી કરવાનું જ કામ નથી. સરકાર ચલાવવા માટે કેબિનેટની બેઠકો બોલાવવામાં આવે છે. પ્રધાનોની સલાહ લેવામાં આવે છે અને ત્યાં ઘણો સ્ટાફ છે. એલજી સાથે મીટિંગ કે ટેલિફોનિક વાતચીત થાય છે. જેલમાં ટેલિફોનની કોઈ સુવિધા નથી. લોકો તેમની ફરિયાદોના નિવારણ માટે મુખ્યમંત્રીને મળવા આવે છે.

## માર્ગ-પહાડ-નદીઓ પોતાને નામે કરી

## ભારતની ૩૦ જગ્યાઓના નામ બદલી નાખ્યાં ચીને

### ભારતના પૂર્વોત્તર રાજ્ય અરુણાચલને પચાવી પાડવાની દાનત રાખી રહેલા ચીને ફરી એક વાર ગુસ્તાખી કરી છે

। (એજન્સી) ઈટાનગર, તા.૧ ।

ભારતના પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશને પચાવી પાડવાની દાનત રાખી રહેલા ચીને ફરી એક વાર ગુસ્તાખી કરી છે. અરુણાચલ પ્રદેશ પર પોતાનો દાવો રજૂ કરવાના તાજેતરના પ્રયાસો વચ્ચે ડ્રેગને અરુણાચલ પ્રદેશના ૩૦ નવા નામોની યાદી જાહેર કરી છે આ નામો ચીની અક્ષરોમાં લખવામાં આવ્યા છે. આ નામ પર્વતો, નદીઓ અને સ્થળોને આપવામાં આવ્યા છે.

ચીનના નાગરિક બાબતોના મંત્રાલયે જાંગનાનમાં પ્રમાણિત ભૌગોલિક નામોની ચોથી યાદી જાહેર કરી છે. ચીન અરુણાચલ પ્રદેશને 'જાંગનાન' કહે છે અને રાજ્યને દક્ષિણ તિબેટનો ભાગ હોવાનો દાવો કરે છે. મંત્રાલયની સત્તાવાર વેબસાઈટ પર આ વિસ્તાર માટે ૩૦ વધારાના નામ પોસ્ટ કરવામાં આવ્યા હતા. ચીને અરુણાચલ પ્રદેશમાં જે ૩૦ સ્થળોના નામ બદલ્યાં છે તેમાં ૧૧ રહેણાંક વિસ્તારો, ૧૨ ટેકરીઓ, ચાર નદીઓ, એક તળાવ, એક પાસ અને એક ખાલી જમીન છે. પીએમ નરેન્દ્ર મોદીએ હાલમાં જ અરુણાચલ પ્રદેશની મુલાકાત લીધી હતી અને આર્મી ટનલનું ઉદ્ઘાટન કર્યું હતું. ત્યાર બાદથી ચીન હચમચી ઉઠ્યું છે. તેઓ સતત અરુણાચલ પ્રદેશ વિશે નિવેદનો આપી રહ્યા છે. જો કે તેનો જડબાતોડ જવાબ આપતા ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું છે કે અરુણાચલ પ્રદેશ ભારતનું અભિન્ન અંગ છે અને રહેશે.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ન્યૂઝ બ્રિફ

### ધો.૯ની વિદ્યાર્થિનીએ રહસ્યમય સંજોગોમાં આપઘાત કર્યો

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતના ભટારની ધોરણ ૯ની વિદ્યાર્થિનીએ રહસ્યમય સંજોગોમાં આપઘાત કરી લીધો હતો. વાર્ષિક પરીક્ષા શરૂ થવાના ચાર દિવસ પહેલાં જ મરિલ મહંતોએ ગળે ફાંસો ખાઈ લીધો હતો. સુરતમા ધોરણ ૯ની ભટારની વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વિદ્યાર્થિનીએ ક્યાં કારણે પગલું ભર્યું તે મામલે રહસ્ય સર્જાયું છે.પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, મૂળ બિહાર ગોપાલગંજના વતની અને હાલ ભટાર પોલીસ ચોકીની પાછળ રહેતા ચૈનકુમાર મહંતો ધાગા કટિંગનું કામ કરી પોતાના પરીવાર નું ગુજરાન ચલાવે છે. પરિવારમાં પત્ની બે પુત્ર તેમજ એક પુત્રી મિરલ છે. આપઘાત કરનાર મિરલ સ્થાનિક વિસ્તારમાં આવેલ હિન્દી શાળામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી હતી.

### પ્રાથમિક શાળાની શિક્ષિકા ચૂંટણીની કામગીરીમાં ન જોડાતા અટકાયત કરાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

શિક્ષિકાને બૂથ લેવલ ઓફિસરની કામગીરી સોંપવામાં આવી હતી. જો કે પોતાના વિસ્તારની બહાર કામગીરી હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો. ઘાટલોડિયા વિધાનસભામાં BLOની કામગીરી કરવાનોનો શિક્ષિકાએ અસ્વિકાર કર્યો હતો. અમદાવાદમાં ચૂંટણીની કામગીરીમાં ન જોડાતા શિક્ષિકા સામે કાર્યવાહી કરવામાં આવી છે. ચેનપુર પ્રાથમિક શાળાની શિક્ષિકા સામે પોલીસે અટકાયતી પગલા લીધા છે. શિક્ષિકા હિનલ પ્રજાપતિને બૂથ લેવલ ઓફિસરની કામગીરી સોંપવામાં આવી હતી. જો કે પોતાના વિસ્તારની બહાર કામગીરી હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો. ઘાટલોડિયા વિધાનસભામાં BLOની કામગીરી કરવાનોનો શિક્ષિકાએ અસ્વિકાર કર્યો હતો.

### સુરેન્દ્રનગરમાં સાયલા નેશનલ હાઈવે પર અકસ્માત સર્જાયો

। (એજન્સી) સાયલા, તા.૧ ।

સુરેન્દ્રનગરમાં સાયલા નેશનલ હાઈવે પર અકસ્માત સર્જાયો હતો. પશુ સાથે કાર અથડાતા કારમાં બેઠેલા ૨ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. તો બીજી બાજુ કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં ૨ના મોત થયા હતા. સાયલા નેશનલ હાઈવે પર સામાન્યતઃ અકસ્માતથી મોતના બનાવો જોવા મળ્યા છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૩ અકસ્માતમાં ૫ન મોત થતાં ચકચાર મચી જવા પામી છે.

---

લાલચ આપીને નકલી સોનુ પધરાવી ઠગાઈ કરતો

# વલસાડમાં સસ્તું સોનુ પધરાવવા જઈ રહેલા ૨ ઠગને SOGએ ઝડપી પાડ્યા

## રાજસ્થાનના ઝાલોરના ૨ શખ્સો પાસેથી રૂા. ૧ લાખની રોકડ સાથે સોનાના મણકા અને નકલી સોનુ કબજે લઈ પૂછપરછ હાથ ધરી

। (એજન્સી) વલસાડ, તા.૧ ।

વલસાડમાં સસ્તુ સોનુ પધરાવવા જઈ રહેલા ૨ ઠગને SOGએ ઝડપી પાડ્યા છે. મૂળ રાજસ્થાનના ઝાલોરના ૨ શખ્સો પાસેથી રૂપિયા ૧ લાખની રોકડ સાથે સોનાના મણકા અને નકલી સોનુ કબજે લઈ પૂછપરછ હાથ ધરી છે. હાલમાં સોનાનો ભાવ ૭૦ હજારની સપાટી વટાવી ચુક્યો છે. ત્યારે કોઈ શખ્સ સસ્તુ સોનુ આપવાની લાલચ આપે તો ચેતી જાજો. વલસાડમાં સસ્તુ સોનુ પધરાવવા જઈ રહેલા ૨ ઠગને SOGએ ઝડપી પાડ્યા છે. મૂળ રાજસ્થાનના ઝાલોરના ૨ શખ્સો પાસેથી રૂપિયા ૧ લાખની રોકડ સાથે સોનાના મણકા અને નકલી સોનુ કબજે લઈ પૂછપરછ હાથ ધરી છે. અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર પારડી નજીક ૨ શંકાસ્પદ શખ્સોને SOGએ પકડી તલાસી લેતા સોનાના ૨૯ મણકા, સોના જેવી પીળી ધાતુની માળા, ચાંદીના જૂના રાણી છાપ સિક્કા અને ૧ લાખ રોકડ મળી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બંને શખ્સોએ બે વ્યક્તિઓને નકલી સોનુ પધરાવ્યાની કબૂલાત કરી હતી. વાપીના એક વ્યક્તિને રૂપિયા ૫ લાખમાં ૧ કિલો નકલી સોનાની માળા તેમજ ભીલાડમાં એક વ્યક્તિને ૫૦ હજારમાં નકલી સોનુ પધરાવ્યુ હતુ. રાજસ્થાનના ઝાલોરના વતની જીતેન્દ્ર લાલારામ વાઘેલા અને અર્જુન ભીમાજી સોલંકી નામના બંને શખ્સો ફૂલ વેચવાના બહાને બજારમાં ફરીને ભોળવાઈ જાય તેવા વ્યક્તિઓને ફસાવતા હતા. મકાનના ખોદકામ દરમિયાન જૂના સિક્કા અને સોનાની માળાઓ મળી હોવાથી તાત્કાલિક પૈસાની જરૂર હોવાનુ કહી સસ્તામાં માળા પધરાવી દેવાની લાલચ આપીને નકલી સોનુ પધરાવી ઠગાઈ કરતા હતા. બંને શખ્સોના રિમાન્ડ મેળવી વલસાડ પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે. જ્યારે રાજસ્થાનમાં પણ અનેક ગુના આચર્યા હોવાથી ઝાલોર પોલીસને જાણ કરી છે.

---

સુરતમાં મહામારી ફેલાઈ

# સુરતમાં રોગચાળામાં વધારો, સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ઘસારો જોવા મળ્યો

## ગેસ્ટ્રોટાઈટીસ અને વાયરલ ફીવર સહિતના કેસો વધુ આવી રહ્યા છે

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરત સિવિલ હોસ્પિટલ માંથી મળતી માહિતી પ્રમાણે માર્ચ મહિનામાં ૭૪,૦૦૦ થી વધુ ઓપેડીના કેસ નોંધાયા હતા. જેમાં સૌથી વધુ મેડિસિન વિભાગના ૧૫ હજારથી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા ત્રણ દિવસથી તાપમાનમાં વધારો થવાના કારણે રોગચાળામાં વધારો નોંધાયો છે. જેમાં સૌથી વધુ લોકોને વાયરલ ફેવરની સાથે ગેસ્ટ્રોટાઈટીસ (પેટમાં દુખાવો, નાક ગળામાં દુખાવો અને ઉલટી થવી)ના કેસમાં વધારો થયો છે. સુરત સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.ગણેશ ગોવેકરે જણાવ્યું હતું કે, હવામાન વિભાગની આગાહી પ્રમાણે તાપમાનમાં વધારો થઈ શકે છે. બપોરના સમયે ઘરની બહાર ન નીકળવું જોઈએ, વધુ પ્રમાણમાં પાણી પીવું જોઈએ, ખુલ્લા પગે ન ચાલવું જોઈએ જેવા રાખવાથી ગરમીની અસર ઓછી થાય છે. આમ, ગરમીના તાપમાનમાં વધારો થતા રોગચાળામાં પણ વધારો થયો છે. સુરત સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ છે. ગરમીના કારણે વાયરલ સહિતના કેસોમાં વધારો નોંધાયો છે. સુરત સિવિલ હોસ્પિટલમાં આજે એક સાથે ઓપીડીની સંખ્યામાં ધરખમ વધારો નોંધાયો છે. સુરત સિવિલ હોસ્પિટલમાં ઓપીડીને પહોંચી વળવા વ્યવસ્થા ઉભી કરાશે. સુરત સિવિલ હોસ્પિટલ દ્વારા લોકોને તડકામાં ન નીકળવા અપીલ કરાઈ છે.ગુજરાતમાં વાયરલ ઈન્ફેક્શનના કેસનું જોખમ વધ્યું છે. રાજ્યમાં કોરોના સાથે સ્વાઈન ફ્લૂના કેસનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. તેથી કોરોના સાથે સ્વાઈન ફ્લૂથી સાવચેત રહેવા તબીબોએ લોકોના સૂચના આપી છે. લેટેસ્ટ અપડેટ અનુસાર, ગુજરાતમાં કોરોનાના નવા ૪૨ કેસ નોંધાયા છે. અમદાવાદ અસારવા સિવિલમાં કોરોનાના ૩ દર્દીઓ ઓક્સિજન પર છે.

---



જમાલપુર APMC માર્કેટમા રાજસ્થાન સમાજના વેપારી દ્વારા ગેર ઉત્સવની ઉજવણી કરી હતી.

---

સુરતમાં વધુ એક ચોંકાવનારી દુષ્કર્મ ઘટના સામે આવી

# સુરતમાં યુવાને પરિણીતા પર દુષ્કર્મ આચરતા ચકચાર

। (એજન્સી) સુરત, તા.૧ ।

શહેરના અમરોલી વિસ્તારમાં રહેતી ૨૫ વષીય પરિણીતાને એક યુવાને હવસનો શિકાર બનાવી છે. યુવક દ્વારા પરિણીતાને બ્લેકમેઈલ કરીને વારંવાર હવસનો શિકાર બનાવવામાં આવતી હતી, જેથી કંટાળેલી મહિલાએ બાદમાં રાજસ્થાનમાંથી ઝીરો એફઆઈઆર નોંધાવી છે, હાલમાં પોલીસ આ મામલે તપાસ શરૂ કરીને આરોપીની શોધખોળ કરી રહી છે. સુરતમાં એક યુવકે પરિણીતાને હવસનો શિકાર બનાવી હોવાની ઘટના સામે આવી છે, શહેરના અમરોલી વિસ્તારમાં રહેતી ૨૫ વષીય પરિણીતાને એક મુસ્લિમ યુવક દ્વારા વારંવાર હવસનો શિકાર બનાવવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ઘટનાની વિગતો એવી છે કે, પોલીસ ફરિયાદ અનુસાર, શહેરના અમરોલીમાં ૨૫ વષીય પરિણીતા મહિલાને એક યુવક દ્વારા ઘેનની દવા પીવડાવ્યા બાદ દુષ્કર્મ આરવામાં આવ્યુ હતુ, આ પછી યુવકે પરિણીતાનો વીડિયો બનાવી લીધો અને વારંવાર પરિણીતાને બ્લેકમેલ કરવામાં આવતી હતી.

---

બે દિવસ ગરમીમાંથી રાહત મળશે

# ગુજરાતમાં બે દિવસ બાદ ફરી ગરમીનો પારો ઉંચકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં ૨ દિવસ ગરમીમાંથી રાહત મળશે. પરંતુ ૨ દિવસ બાદ ફરી ગરમીનો પારો ઉંચકાશે. આગામી ૨ દિવસ બાદ ૨ ડિગ્રી તાપમાનમાં વધારો થઈ શકે છે. ગાંધીનગરમાં સૌથી વધુ ૩૮ ડિગ્રી તાપ માન નોંધાયું. છે. અમદાવાદમાં ગરમીનો પારો ૩૭.૧ ડિગ્રી નોંધાયો છે. જોકે, હાલ રાજ્યમાં ગરમીથી આંશિક રાહત મળી છે. અમરેલી, વડોદરા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં એકથી બે ડિગ્રી સુધી તાપમાન ઘટ્યું છે. વેસ્ટર્ન ડિસ્ટ્રબન્સ સર્જાતા તાપમાન ઘટ્યું છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો, મોટાભાગના શહેરોમાં તાપમાન ૨ ડિગ્રી જેટલું ઘટ્યું છે. સૌથી વધુ તાપમાન અમરેલીમાં ૩૮.૫ ડિગ્રી નોંધાયું છે.

**રાજ્યમાં ૨૪ કલાકમાં નોંધાયેલ તાપમાનના આંકડા**

અમદાવાદ ૩૭.૧ ડિગ્રી, ગાંધીનગર ૩૮.૦ ડિગ્રી, ડીસા ૩૫.૮ ડિગ્રી, વડોદરા ૩૭.૪ ડિગ્રી, સુરત ૩૭.૦ ડિગ્રી, અમરેલી ૩૮.૫ ડિગ્રી, ભાવનગર ૩૬.૪ ડિગ્રી, રાજકોટ ૩૭.૭ ડિગ્રી, સુરેન્દ્રનગર ૩૭.૫ ડિગ્રી, મહુવા ૩૬.૮ ડિગ્રી, ભુજ ૩૫.૩ડિગ્રી, કંડલા ૩૭.૨ ડિગ્રી, કેશોદ ૩૬.૯ ડિગ્રી.

હવામાન વિભાગની આગાહી અનુસાર, હજી બે દિવસ સુધી તાપમાનમાં ૧-૨ ડિગ્રીનો ઘટાડો થશે. અમદાવાદમાં ગરમ રાત અનુભવાઈ હતી. આગામી ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતમાં ગરમ રાત રહેવાની શક્યતા છે. બનાસકાંઠા, અમદાવાદ અને આણંદમાં ગરમ રાતની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણાના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે તાપમાનમાં ઘટાડો થયો છે. દરિયા કિનારે ડિસ્કમ્ફર્ટ યથાવત રહેશે. ગુજરાતનાં પૂર્વી પર્વતીય ભાગોમાં હળવો વરસાદ રહી શકે છે. પશ્ચિમી પવન ફૂંકાવાને કારણે તાપમાન ઘટી શકે છે. એપ્રિલ મહિનાના પહેલા અઠવાડિયાની શરુઆતથી તાપમાનમાં વધારો થવાની આગાહી કરવામાં આવી છે.

---

રાજકોટની આંગડીયા પેઢીમાં લૂંટ

# રૂપિયા ૩૫ લાખ ભરેલી બેગ લઇને કર્મચારી જ થયો ફરાર

## ગઇ ૧૦ માર્ચે રાજકોટમાં આ લૂંટની ઘટના ઘટી હતી, રાજકોટના ગોંડલ રોડ પર આવેલી આંગડીયા પેઢી છે

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટમાંથી આંગડીયા પેઢીમાંથી એક ચોંકાવનારી લૂંટની ઘટના સામે આવી છે, શહેરના ગોંડલ રોડ પર આવેલી એક આંગડીયા પેઢીમાંથી કર્મચારીએ જ ૩૫ લાખ રૂપિયાની લૂંટ ચલાવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઇ છે. આ સમગ્ર ઘટના ગઈ ૧૦ માર્ચે ઘટી હતી જોકે, આંગડીયા પેઢીના મેનેજરે ગઈકાલે કર્મચારી વિરૂદ્ધ લૂંટનો કેસ નોધાવ્યો હતો. ખરેખરમાં, ઘટનાની વિગતો એવી છે કે, ગઈ ૧૦ માર્ચે રાજકોટમાં આ લૂંટની ઘટના ઘટી હતી, રાજકોટના ગોંડલ રૉડ પર આવેલી આંગડીયા પેઢી જેનું નામ એસ.રમેશચંદ્ર છે, જેમાં એક કર્મચારી કામ કરતો હતો, જેનું નામ અર્જૂનસિંહ જાડેજા છે, તેને આ સમગ્ર લૂંટની ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર, ગઈ ૧૦ માર્ચે જ્યારે એસ. રમેશચંદ્ર આંગડીયા પેઢીના મેનેજર વતનમાં ગયા હતા, આ દરમિયાન તકનો લાભ લઈને આંગડીયા પેઢીમાં કામ કરતાં કર્મચારી અર્જૂનસિંહ જાડેજાએ ૩૫.૫ લાખ રૂપિયાથી ભરેલી બેગની ઉઠાંતરી કરી હતી, અર્જૂનસિંહ જાડેજા મૂળ પાટણનો વતન હતો અને ગોંડલની આ આંગડીયા પેઢીમાં કામ કરતો હતો. કર્મચારી અર્જૂનસિંહ ૩૫ લાખ રૂપિયાથી ભરેલી બેગ લઈને ફરાર થઈ હતો.

---

સુરતના ઉધનામાં આવેલા દત્ત કુટીર ખાતેની ઘટના

# સુરતમાં મિત્રએ જ મિત્ર પર ચપ્પુ વડે કર્યો જીવલેણ હુમલો

## આ હુમલા પાછળનું કારણ ૭ વર્ષ અગાઉ આરોપીએ મિત્રની માતાને કોઈ કારણોસર ગાળો ભાંડી હતી

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતના ઉધના વિસ્તારમાં આવેલ ઓફિસમાં મિત્ર દ્વારા જ મિત્ર ઉપર ઘાતક હથિયાર વડે જીવલેણ હુમલો કરનાર આરોપીની ઉધના પોલીસે ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હુમલા પાછળનું કારણ ૭ વર્ષ અગાઉ આરોપીએ મિત્રની માતાને કોઈ કારણોસર ગાળો ભાંડી હતી. જેથી મિત્ર દ્વારા આરોપીને લાફો ઝીંકવામાં આવ્યો હતો. જે લાફાનો બદલો વાળવા આરોપીએ પોતાના જ મિત્ર પર ગત રોજ અન્ય મિત્રોની હાજરીમાં ઘાતક હથિયાર વડે જીવલેણ હુમલો કરી ફરાર થઈ ગયો હતો. જે ઘટના જીવલેણ હુમલાની ઘટનાના લાઈવ CCTV ફૂટેજ પણ સામે આવ્યા હતા.

સુરતના ઉધના વિસ્તારમાં આવેલા દત્ત કુટીર ખાતે ગત રોજ જીવલેણ હુમલાની ઘટના બની હતી. દત્તકુટિર સોસાયટીમાં રહેતા રાહુલ જાદવ પર તેના જ મિત્ર કિરણ આહિરે દ્વારા ઘાતક હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. જે હુમલાની ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત રાહુલ જાદવને સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની તપાસ ઉધના પોલીસે હાથ ધરી હતી. ઉધના પોલીસ મથકના જણાવ્યા મુજબ, ઉધનાની દત્તકુટીર સોસાયટીમાં આવેલ એક ઓફિસમાં રાહુલ જાદવ અને તેનો મિત્ર કિરણ આહિરે પોતાના અન્ય મિત્રો સાથે બેઠા હતા. જે દરમિયાન સોફા પર બેઠેલા કિરણ આહિરે રાહુલ જાદવ પર ઘાતક હથિયાર વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. હુમલા બાદ તાત્કાલિક ધોરણે બેઠેલા તમામ અન્ય મિત્રોએ કિરણ આહિરેને ઝડપી પાડ્યો હતો. જે બાદ કિરણ આહિરે ઘટના સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. હુમલામાં ઈજાગ્રસ્ત રાહુલ જાદવને સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

---

ગરમીમાં લોકોને રાહત અપાશે

# અમદાવાદ મનપાએ તૈયાર કર્યો હિટ એક્શન પ્લાન

## દર્દી અને તેમની સાથે આવનારા લોકોને હાલાકી ન પડે અને પાણી મળી રહે માટે પાણીની સેવા ઉપલબ્ધ કરાવાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ સહિત રાજ્યમાં અગનવર્ષા વરસી રહી છે. જે ધખધખતા તાપના કારણે ડિહાઈડ્રેશન સહિતના કેસ વધતા હોય છે, ત્યારે લોકોએ ગરમી નો શિકાર ન બનવું પડે પાટે દર વર્ષની જેમ આ વર્ષે પણ તંત્ર દ્વારા હિટ એક્શન પ્લાન બનાવ્યો છે. ત્યારે જોઈએ શુ છે હિટ એક્શન પ્લાન અને કઈ રીતે પોતાનો ખ્યાલ રાખશે. ચાલુ વર્ષે ગરમી ની કાળઝાળ ગરમી સાથે શરૂઆત થઈ છે. જે ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઉનાળાની શરૂઆતમાં જ શહેરમાં ૩૨ ડિગ્રી આસપાસ તાપમાન હતું, જે તાપમાન ધીમે ધીમે વધીને હાલ શહેરમાં ૪૦ ડિગ્રી પર પહોંચી ગયું છે, છેલ્લા કેટલાક વર્ષોમાં આવુ તાપમાન ગરમીની શરૂઆત માં ભાગ્યે જ જોવા મળ્યું છે. અને હજુ તો ગરમીના અન્ય મહિના બાકી છે, જેમા એપ્રિલ અને તેમાં પણ મે મહિનો ખુબ ગરમ રહેતો હોય છે, કે જયારે ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી જતો હોય છે, ત્યારે આ પરિસ્થિતિ વચ્ચે કોર્પોરેશન હિટ એક્શન પ્લાન લાવે છે. તો ટ્રાફીક વિભાગ બપોરે સિગ્નલ પણ બંધ કરતું હોય છે, જેથી લોકોને ગરમીથી સુરક્ષિત કરી શકાય. ગરમીથી બચવા માટે લોકો અવનવા નુસખા અજમાવે છે. જેમાં કોઈ ટોપી પહેરે, રૂમાલ બાંધી, મહિલા દુપટ્ટો બાંધી, પાણી સાથે રાખે, રસ્તામાં લોકો વિરામ કરે, સાથે જ શેરડીનો રસ હોય શીકંજી હોય કે લીંબુ શરબત કે જ્યુસ કે ઠંડું પ્રવાહી પીવે, તો કોઈ ગરમી થી બચવા માટે છત્રી લઈને નિકળે. જેથી કાળ ઓકતી ગરમી થી બચી શકાય. તો આ ગરમી વચ્ચે લોકોને રાહત આપતા શેરડીના રસમાં શેરડીનો ભાવ પણ ૨૦ ટકા વધ્યો છે, છતા વેપારીઓ એ ભાવ ન વધારતાં લોકોને તેનાથી રાહત મળી રહી છે. બીજી તરફ અમદાવાદમાં એશિયાની સૌથી મોટી અસારવા સિવિલ હોસ્પિટલ કે જ્યાં દરરોજ હજારો લોકો સારવાર લેવા આવે, તે દર્દી અને તેમની સાથે આવનારા લોકોને હાલાકી ન પડે અને પાણી મળી રહે માટે opd વિભાગ માં પાણીની સેવા ઉપલબ્ધ કરાવી, સાથે જ સિવિલ કેમ્પસમાં ફરતી ઈ રિક્ષામા પણ પાણીની સુવિધા ઉભી કરાઈ, જેથી કેમ્પસમાં લોકોને પૂરતું પીવાનું પાણી મળી રહે, સાથે જ હોસ્પિટલ માં જરુરી દવાનો સ્ટોક એકઠો કરી લેવાયો સાથે જ હોસ્પિટલમા ૧૧ બેડનો હિટ સ્ટ્રોક વોર્ડ પણ શરૂ કરવામાં આવ્યો છે, જેથી ગરમી ને લગતા કેસમાં દર્દી ત્વરીત સારવાર આપી શકાય. એટલું જ નહિ પણ ગરમી વધતાની સાથે શહેરમાં ઠંડક આપતી મશીનરી એટલે કે કુલર, એસી ના વેચાણમાં પણ વધારો થયો છે, તો સાથે જ અબોલ પશુ પક્ષીઓને લઈને વિવિધ એનજીઓ પણ કામે લાગી છે. કેમ કે માનવી તો ગરમીથી બચવાના ઉપાય કરે પણ અબોલ પશુ પક્ષી નું શું. જેને લઈને પણ લોકો ચિંતા કરી રહ્યા છે.

---

રોકડ રકમ અને અન્ય મુદામાલ સાથે ઝડપી લીધા

# મંદિરો અને દુકાનોને ટાર્ગેટ કરી ચોરી કરનાર 3 ઝડપાયા

## જૂનાગઢ તેમજ આસપાસના વિસ્તારોમાં રેકી કરી રાત્રીના સમયે મંદિરો અને દુકાનોને ટ્રાગેટ કરી ચોરી કરતા હતા

। (એજન્સી) જૂનાગઢ, તા.૧ ।

જૂનાગઢમાં રાત્રિ દરમ્યાન થયેલ મંદિરો અને દુકાનોને ટાર્ગેટ કરી ચોરી કરનાર ૩ શખ્સોને ૧ લાખ ૨૫ હજારની રોકડ અને મુદામાલ સાથે ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધા છે. જૂનાગઢ તેમજ આસપાસના વિસ્તારોમાં રેકી કરી રાત્રીના સમયે મંદિરો અને દુકાનોને ટ્રાગેટ કરી ચોરી કરતી ગેંગના ૩ શખ્સોને જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચે રોકડ રકમ અને અન્ય મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

જુનાગઢ શહેર અને જીલ્લા વિસ્તારમાં ઘરફોડ અને મંદિર ચોરીઓના બનાવ બનતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે બનાવ સ્થળની વિજીટ કરી ટેકનીકલ સોર્સ અને ખાનગી બાતમીદારો મારફતે તપાસ હાથ ધરતા ચોક્ક્સ હકિકત મળેલ કે, ત્રણ શખ્સો શંકાસ્પદ હાલતમાં હિરો સ્પલેન્ડર મોટર સાયકલ ઉપર જુનાગઢના જોષીપરા, અને શાંતેશ્વર મંદિર નજીક આંટા-ફેરા કરે છે અને રાત્રીના ચોરીના કોઈ મોટા બનાવને અંજામ આપવા રહેણાંક મકાન વિસ્તાર અને મંદિરોની રેકી કરતા હોવાનું જણાયું હતું. તપાસ કરતા ત્રણ શખ્સો મોટર સાયકલ સાથે



પકડી પાડી તેમની પાસે થેલો મળી આવેલો હતો. જેમાં ભારતીય દરની ચલણી નોટો અને અંગજડતીમાંથી રોકડા રૂપિયા મળી આવ્યા હતા, જે રોકડા રૂપિયા બાબતે ત્રણેયની પુછપરછ કરતા ગલ્લા-તલ્લા કરવા લાગતા ત્રણેય આરોપીઓએ આગવી ઢબે પુછપરછ કરતા રાત્રીના જૂનાગઢના માંગનાથ રોડની દુકાનમાંથી તેમજ ખલીલપુર રોડ ઉપર આવેલ સિધ્ધેશ્વર મહાદેવના મંદિરમાં અને બસ સ્ટેન્ડ પાસેની દુકાનમાં ચોરી કર્યાની કબૂલાત આપતા ત્રણેય શખ્સોને આગળની કાર્યવાહી માટે બી ડીવીઝન પોલીસ મથકને સોંપવામાં આવેલ હતા. જૂનાગઢ પોલીસે હિતેશ અશોક, ગોરડ શ્યામ, જસા ઉસડીયા અને પ્રકાશ સવજી ભૂતિયાને ઝડપી લઈ ત્રિપુટી ચોરને ઝડપી લીધા હતા.

પશ્ચિમબંગાળમાંવાવાઝોડાએપાંચલોકોનોભોગલીધો

## ઉત્તર ભારતના કેટલાય રાજ્યોમાં હાલ ઉનાળાનો તાપ આગ વરસાવી રહ્યો છે

**પશ્ચિમ બંગાળ સહિત પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની સાથે વાવાઝોડાએ હાહાકાર મચાવી દીધો છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દિલ્હી અને ઉત્તર ભારતના કેટલાય રાજ્યોમાં હાલ ઉનાળાનો તાપ આગ વરસાવી રહ્યો છે પરંતુ, પૂર્વ ભારતમાંથી કંઈક વિચિત્ર તસવીર સામે આવી છે.. જી હાં, પશ્ચિમ બંગાળ સહિત પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની સાથે વાવાઝોડાએ હાહાકાર મચાવી દીધો છે. પશ્ચિમ બંગાળ, આસામ અને મણીપુર સહિતના રાજ્યોમાં ચક્રવાત અને વાવાઝોડાના કારણે લાખો-કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. એટલું જ નહીં પશ્ચિમ બંગાળમાં તો વાવાઝોડાએ પાંચ લોકોનો ભોગ પણ લઈ લીધો છે. ભરઉનાળે કુદરતના રૌદ્ર સ્વરૂપના આ દ્રશ્યો જોઈ તમે પણ હચમચી જશો. પશ્ચિમ બંગાળ સહિત પૂર્વ ભારતના રાજ્યો પર આકાશી આફતનો આ પુરાવો છે. આકાશને ઘેરી વળેલાં કાળા ડિબાંગ વાદળોની વચ્ચે પવનની આ ભયાનકતાને જુઓ. પવનની ગતિ એટલી છેકે, જાણે આખે આખા શહેરને પોતાની સાથે ઉડાડીને લઈ જાય.. જલપાઈગુડી શહેરમાં જ્યારે ચક્રવાત હાવિ થઈ ગયું હતું ત્યારે પવનની આ ગતિ કોઈએ પોતાના કેમેરામાં કેદ કરી હતી. ભારે વરસાદ અને ચક્રવાતે પશ્ચિમ બંગાળમાં કહેર વર્તાવ્યો છે. જલપાઈગુડી અને મૈનાગુડીની પરિસ્થિતિ બદથી બદતર છે અને ખાસ કરીને જલપાઈગુડીથી તારાજીના દ્રશ્યો સૌથી વધુ આવી રહ્યા છે. ચક્રવાતના કારણે જલપાઈગુડીમાં મોટી માત્રામાં નુકસાન થયું છે. ચક્રવાત અને ભારે વરસાદથી ૫ લોકોનાં મોત નીપજ્યા છે. મળતી માહિતી પ્રમાણે ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત છે. ભારે પવનના કારણે અનેક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થયા છે. જિલ્લામાં અનેક સ્થળોએ ખેડૂતોનો ઊભો પાક બરબાદ થઈ ગયો છે. ચક્રવાતના કારણે અનેક લોકોના ઘર તબાહ થઈ ગયા.. અચાનક ત્રાટકેલા વાવાઝોડાના કારણે લોકો ભયમાં જીવી રહ્યા છે. વાવાઝોડામાં ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળના બે જિલ્લાઓમાં તબાહીના વરસાદથી મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ એક્શનમાં આવી ગયા છે. મમતા બેનર્જીએ સ્થાનિક પ્રશાસનને સ્ટેન્ડ બાય કરીને રાહત અને બચાવની કામગીરીમાં જોતરાવવાનું કહ્યું છે. અચાનક ભારે વરસાદ અને તોફાની પવનોથી જલપાઈગુડી અમને મૈનાગુડી વિસ્તારોમાં આફત આવી છે. જેમાં લોકોના મૃત્યુ, ઈજાગ્રસ્તો, ઘરોને નુકસાન, વીજળીના થાંભલા ધરાશાયી થયા હોવાની માહિતી મળી છે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી છે.



ગુજરાતમાં વડાપ્રધાન મોદી કરશે પ્રચંડ પ્રચાર

# મોદી ગુજરાતમાં ૧૦થી ૧૨ જાહેર સભાઓ સંબોધશે

**લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં તમામ પક્ષો તરફથી જોરશોરથી ચૂંટણી પ્રચાર**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તમામ પક્ષો ગુજરાતમાં તરફથી જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદી ગુજરાતમાં ૧૦ થી ૧૨ જાહેર સભાઓનું આયોજન કરવામાં આવશે. વડાપ્રધાન મોદી ગુજરાતમાં ૧૦ થી ૧૨ સભાઓ સંબોધશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપે કરેલા કલસ્ટર મુજબ વડાપ્રધાનની સભાનું આયોજન કરવામાં આવશે. રાજ્યના અર્બન વિસ્તારમાં પીએમનો રોડ શો યોજાશે. વડાપ્રધાન મોદીના રોડ શોના કાર્યક્રમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. ૧૫ એપ્રિલ આસપાસથી ગુજરાતમાં વડાપ્રધાનની સભા અને રેલી યોજાશે. ભારતીય જનતા પાર્ટીએ ત્રણ રાજ્યો માટે પોતાના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ ત્રણ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પાર્ટી અધ્યક્ષ જેપી નેડ્ડા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો સમાવેશ થાય છે. સંબંધિત રાજ્યોમાંથી ભાજપના ઘણા મોટા નેતાઓને સ્ટાર પ્રચારક બનાવવામાં આવ્યા છે. રાજ્યોના સ્ટાર પ્રચારકોની યાદીમાં એવા કેટલાક નામ છે જેઓ વિધાનસભા ચૂંટણીમાં હારી ગયા અથવા વર્તમાન લોકસભા ચૂંટણીમાં ટિકિટ પણ ન મળી નથી. ઉલ્લેખનીય છે કે પ્રથમ તબક્કાની ચૂંટણીને હવે ૨૫ દિવસથી પણ ઓછો સમય બાકી છે. દેશમાં ૧૯ એપ્રિલે લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન થશે. ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં એવા ઘણા નામ છે જેમને ટિકિટ મળી નથી પરંતુ તેઓ આ યાદીમાં સામેલ છે. બિહારના અશ્વિની ચૌબે પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. જ્યારે સૈયદ શાહનવાઝ હુસૈન અન્ય ચૂંટણીઓની જેમ આ ચૂંટણીમાં પણ બિહારમાંથી સ્ટાર પ્રચારક બન્યા છે. અગ્રણી કેન્દ્રીય નેતાઓ ઉપરાંત, સુશીલ કુમાર મોદી, મંગલ પાંડે, સંજય જયસ્વાલ, રેણુ દેવી, સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, અનિલ શર્મા, નિવેદિતા સિંહ અને નિક્કી હેમબ્રેન જેવા બિહારના નેતાઓ પણ સામેલ છે. છેલ્લા ૧૦ વર્ષથી દિલ્હીના સાંસદ અને ભોજપુરી અભિનેતા મનોજ તિવારી પણ બિહારના સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવ પણ બિહારમાં સ્ટાર પ્રચારક બની ગયા છે. મધ્યપ્રદેશમાંથી ભાજપ દ્વારા બહાર પાડવામાં આવેલ સ્ટાર પ્રચારકોની યાદીમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને વિધાનસભા ચૂંટણીમાં હારેલા નરોત્તમ મિશ્રાનો પણ સમાવેશ થાય છે.

### મોદીએ પોતાના સંબોધનમાં ઘણી મોટી વાતો કહી

**ભારતીય રિઝર્વ બેંક (RBI) આજે તેનો ૯૦મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. આ અવસર પર મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ્સ (NCPA) ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં ઘણી મોટી વાતો કહી છે. વાત જાણે એમ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક ઐતિહાસિક સીમાચિહ્ન પર પહોંચી ગઈ છે. RBIએ ૯૦ વર્ષ પૂર્ણ કર્યા છે. RBI એક સંસ્થા તરીકે આઝાદી પહેલા અને પછીની સાક્ષી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જે RBI તેની વ્યાવસાયિકતા અને પ્રતિબદ્ધતાને કારણે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે. RBIની સ્થાપનાના ૯૦ વર્ષ પૂર્ણ થવા પર હું તમને બધાને અભિનંદન આપું છું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે તમે જે નીતિઓ બનાવો છો અને તમે જે કામ કરો છો તે RBIની આગામી દાયકાની દિશા નક્કી કરશે. આ દાયકો એ દાયકો છે જે આ સંસ્થાને તેના શતાબ્દી વર્ષમાં લઈ જશે અને આ દાયકો વિકસિત ભારતની સંકલ્પ યાત્રા માટે એટલો જ મહત્વપૂર્ણ છે. આગામી દાયકો આ સંસ્થાને તેના શતાબ્દી વર્ષમાં લઈ જશે. હું RBIને તેના લક્ષ્યો અને સંકલ્પો માટે અભિનંદન આપું છું. PM મોદીએ કહ્યું કે, ૨૦૧૪માં જ્યારે હું રિઝર્વ બેંકના ૮૦ વર્ષના કાર્યક્રમમાં આવ્યો ત્યારે પરિસ્થિતિ સાવ અલગ હતી.**

## મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાહુલ અને કોંગ્રેસની ટીકા કરી

**કોંગ્રેસ દ્વારા સૌથી પહેલા કરવામાં આવેલી ફરિયાદના કારણે જ દિલ્હીના મુખ્યમંત્રી જેલમાં છે : વિજયન**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દિલ્હીમાં ઈન્ડિયા બ્લોકની વિરોધ રેલીના એક દિવસ બાદ સોમવારે મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાહુલ ગાંધી અને કોંગ્રેસની ટીકા કરી છે. રેલીમાં રાહુલની સાથે સીપીઆઈ(એમ)ના મહાસચિવ સીતારામ યેચુરી પણ સામેલ હતા. કોંગ્રેસ પર નિશાન સાધતા સીએમ વિજયને કહ્યું કે, કોંગ્રેસ દ્વારા સૌથી પહેલા કરવામાં આવેલી ફરિયાદના કારણે જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાં છે. સીએમ વિજયન કોઝિકોડ અને પોતાની આસપાસના તેમના ચૂંટણી પ્રચાર પહેલા મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. તેમણે વાયનાડ લોકસભા બેઠક પરથી ફરી ચૂંટણી લડી રહેલા રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા હતા. તેમની સામે ઈન્ડિયા બ્લોકમાં સામેલ સીપીઆઈ ઉમેદવાર મેદાનમાં છે. સીએમ વિજયને કહ્યું, આપણે બધા જાણીએ છીએ કે, રાહુલ કોંગ્રેસ પાર્ટીના સૌથી મોટા નેતા છે. જરા જુઓ તેઓ તેમના મતવિસ્તાર વાયનાડમાં કોની સામે ચૂંટણી લડી રહ્યા છે. તેઓ સીપીઆઈના એની રાજા સામે ચૂંટણી લડી રહ્યા છે જ્યારે કોંગ્રેસ અને સીપીઆઈ ઈન્ડિયા બ્લોકનો હિસ્સો છે. વિજયને કહ્યું કે તેઓ ભાજપનો સામનો કરવાને બદલે સીપીઆઈના ઉમેદવારને ટક્કર આપી રહ્યા છે. સંયોગથી વાયનાડમાં ભાજપ પોતાના પ્રદેશ અધ્યક્ષ કે. સુરેન્દ્રનને મેદાનમાં ઉતારીને આશ્ચર્યજનક ઉમેદવાર તરીકે સામે આવી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં BJP-BDJSએ એકસાથે મળીને ચૂંટણી લડી અને તુષાર વેલ્લાપલ્લી એવા ઉમેદવાર હતા જે ત્રીજા સ્થાન પર રહ્યા હતા. તેમને લગભગ ૭૮,૦૦૦ મતો મળ્યા હતા જે માત્ર ૭.૨૫% હતા, જ્યારે રાહુલ ગાંધીએ ૪.૩૧ લાખથી વધુ મતોના વિશાળ માર્જિનથી જીત પ્રાપ્ત કરી હતી જે કેરળમાં ૨૦૧૯ની લોકસભા બેઠકોમાં સૌથી વધુ અંતર છે.

## સુપ્રીમ કોર્ટે ધાર ભોજશાળામાં ખોદકામ કરવા પર પ્રતિબંધ મૂક્યો

। (એજન્સી) ભોપાલ, તા.૧ ।

સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશની ધાર ભોજશાળામાં ખોદાણ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. કોર્ટે કહ્યું કે હવે ધાર ભોજશાળા પરિસરમાં ખોદકામ નહીં થાય. જ્યારે, સર્વોચ્ચ અદાલતે ધાર ભોજશાળામાં વૈજ્ઞાનિક સર્વેક્ષણ પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું કે છજીના સર્વે બાદ કોર્ટની પરવાનગી વગર કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જ્ઞાનવાપીમાં જેમ થયું તેમ સર્વે કરવામાં આવશે પરંતુ ધાર ભોજશાળામાં ખોદકામ કરવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ભૌતિક ખોદકામ જેવું કંઈ ન હોવું જોઈએ જેનાથી ધાર્મિક સ્થળમાં કોઈ ફેરફાર થાય. સુપ્રીમ કોર્ટે મુસ્લિમ પક્ષની અરજી પર તમામ પક્ષકારોને નોટિસ પાઠવી હતી. હિન્દુ પક્ષ તરફથી ચાર અઠવાડિયામાં જવાબ માંગવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુસ્લિમ પક્ષે હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવવાની માંગ કરી છે. હિન્દુ સમુદાય ભોજશાળા સંકુલને વાગદેવી (સરસ્વતી) નું મંદિર માને છે, જ્યારે મુસ્લિમ સમુદાય હંમેશા તેને કમાલ મૌલાનાની મસ્જિદ કહે છે. આ મામલામાં હાઈકોર્ટની ઈન્દોર બેન્ચે ૧૧ માર્ચે આદેશ આપ્યો હતો કે કોર્ટ માત્ર એક જ નિષ્કર્ષ પર આવી છે કે ભોજશાળા મંદિર-કમ-કમાલ મૌલાના મસ્જિદનો વૈજ્ઞાનિક સર્વેક્ષણ અને અભ્યાસ કરવાની એએસઆઈની બંધારણીય અને કાનૂની જવાબદારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ધારમાં આવેલી કમાલ મૌલાના મસ્જિદ વાસ્તવમાં મા સરસ્વતી મંદિર ભોજનશાળા છે.



નવી દિલ્હીમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ સાથે કમાન્ડર-ઈન-ચીફ, રોયલ થાઈ નેવી એડમિરલ અદૂંગ પાન-લેમે મુલાકાત કરી હતી.

CJIએ જ્ઞાનવાપી મસ્જિદ કેસ પર આપ્યો આદેશ

## પૂજા અને નમાઝ પોતપોતાની જગ્યાએ હાલ ચાલુ રહેશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સોમવારે (૧ એપ્રિલ), સુપ્રીમ કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદ સંકુલના વ્યાસ ભોંયરામાં પૂજા વિરુદ્ધ મસ્જિદ સમિતિની અરજી પર સુનાવણી કરી. મસ્જિદ પક્ષના વકીલ હુઝૈફા અહમદીએ જણાવ્યું હતું કે નીચલી અદાલતે આદેશને લાગુ કરવા માટે એક સપ્તાહનો સમય આપ્યો હતો, પરંતુ સરકારે તેનો તરત જ અમલ કર્યો હતો. અમને હાઈકોર્ટમાંથી પણ રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટે આને તાત્કાલિક અટકાવવું જોઈએ. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આ મામલે નોટિસ જારી કરી હતી અને અન્ય તારીખે સુનાવણીનો સંકેત આપ્યો હતો. જો કે, મસ્જિદ પક્ષના વકીલે તેમની દલીલો રજૂ કરી પૂજા પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. આ દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યું કે ભોંયરામાં પ્રવેશ દક્ષિણ તરફથી છે અને મસ્જિદની એન્ટ્રી ઉત્તર તરફથી છે. બંને એકબીજાને અસર કરતા નથી. અમે નિર્દેશ કરીએ છીએ કે હાલમાં બંને પૂજા પોતપોતાના સ્થાનો પર ચાલુ રહે. વ્યાસ પરિવારના વકીલ શ્યામ દિવાને ઔપચારિક નોટિસ જારી કરવાનો વિરોધ કર્યો હતો. વકીલે કહ્યું કે નીચલી અદાલતોમાં હજુ આ કેસનો સંપૂર્ણ ઉકેલ આવ્યો નથી. આ સમયે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની જરૂર નથી. હકીકતમાં, અંજુમન મસ્જિદ વ્યવસ્થા સમિતિએ અલાહાબાદ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે, જેમાં મસ્જિદના દક્ષિણી ભોંયરામાં હિન્દુઓને પૂજા કરવાની મંજૂરી આપતા નીચલી કોર્ટના આદેશને યથાવત રાખવામાં આવ્યો હતો. આ સમિતિ વારાણસી સ્થિત જ્ઞાનવાપી મસ્જિદની બાબતોનું સંચાલન કરે છે.

# ચૂંટણી પંચે ભાજપના દિલીપ ઘોષ અને કોંગ્રેસના સુપ્રિયા શ્રીનેતને લગાવી ફટકાર

**બંને નેતાએ મહિલાઓ અંગે આપ્યું હતું વાંધાજનક નિવેદન**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ચૂંટણી પંચે ભાજપના સાંસદ દિલીપ ઘોષ અને કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતને તેમના દ્વારા મહિલાઓને લઈને આપવામાં આવેલા વાંધાજનક નિવેદન પર ફટકાર લગાવી છે. આયોગે આ સાથે જ બંને નેતાઓને ચેતવણી આપી છે કે, પોતાના નિવેદનોને લઈને સાવધાન રહે અને પંચની હવે તેમના પર ચૂંટણી દરમિયાન ખાસ નજર રહેશે. ચૂંટણી પંચે બંને નેતાઓને ચૂંટણી આચાર સંહિતાના ઉલ્લંઘનના માટે દોષી ઠેરવ્યા છે અને ભવિષ્યમાં જાહેર નિવેદનો અંગે સતર્ક રહેવાનો નિર્દેશ આપ્યો છે. ભાજપ સાંસદ દિલીપ ઘોષ અને કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતના નિવેદનોને લઈને ચૂંટણી પંચે બંને નેતાઓને નોટિસ પાઠવીને તેમના જવાબ માંગ્યા હતા. તેમના જવાબમાં બંને નેતાઓએ સ્વીકાર્યું કે તેઓએ ચૂંટણી આચાર સંહિતાનું



ઉલ્લંઘન કર્યું છે અને વ્યક્તિગત પ્રહાર કર્યા છે. જવાબ મળ્યા બાદ પંચે બંને નેતાઓને ચેતવણી આપી છે કે તેઓ ભવિષ્યમાં જાહેર નિવેદનો કરતા સાવચેતી રાખે. આ સાથે જ ચૂંટણી દરમિયાન બંને નેતાઓના નિવેદનોની ચૂંટણી પંચ દ્વારા ખાસ સમીક્ષા કરવામાં આવશે. પંચે કહ્યું કે બંને નેતાઓએ નિમ્ન સ્તરના વ્યક્તિગત પ્રહાર કર્યા છે અને આ આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. તેમને આદર્શ આચાર સંહિતાના સમયગાળા દરમિયાન જાહેર નિવેદનોમાં સાવધાની રાખવાની ચેતવણી આપવામાં આવી છે. પંચ દ્વારા સોમવારથી આ બંને નેતાઓના ચૂંટણી સંબંધિત સંવાદ પર વિશેષ અને વધારાની દેખરેખ રાખવામાં આવશે. પંચે પોતાની ચેતવણી નોટિસની કોપી પાર્ટીના અધ્યક્ષોને પણ મોકલી છે જેથી તેઓ પણ પોતાની પાર્ટીના નેતાઓને ચૂંટણી આચાર સંહિતાના ઉલ્લંઘન અને વાંધાજનક નિવેદનને લઈને ચેતવણી આપી શકે. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે ફિલ્મ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશની મંડી સીટ પરથી બીજેપી ઉમેદવાર કંગના રનૌત અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. આ અંગે વિવાદ થયો હતો અને ભાજપે આ અંગે કોંગ્રેસના નેતાને ઘેર્યા હતા. બાદમાં સુપ્રિયા શ્રીનેતે પોતાના નિવેદન અંગે સ્પષ્ટતા આપવી પડી હતી. બીજી તરફ બીજેપી સાંસદ દિલીપ ઘોષે ચૂંટણી પ્રચાર દરમિયાન બંગાળના સીએમ મમતા બેનર્જી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી.

## નેશનલ હાઈવે અને એક્સપ્રેસ વે પર ટોલ પ્લાઝા પર ટોલ વધારો મોકૂફ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નેશનલ હાઈવે અને એક્સપ્રેસ વે પર ટોલ પ્લાઝા પર ટોલ વધારો ૩૧ માર્ચની રાતથી બંધ કરી દેવામાં આવ્યો છે. ૩૧ માર્ચની રાતથી તમામ વાહનો પર ટોલ વધારવાનો હતો. તેનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું હતું. રવિવારે મોડી રાત્રે NHAI એ દરેક જગ્યાએ મૌખિક માહિતી આપી હતી કે અત્યારે ટોલ વધારવો જોઈએ નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણીના કારણે આ માટે ચૂંટણી પંચ પાસેથી મંજૂરી લેવી પડશે. નેશનલ હાઈવે ઓથોરિટીએ તાત્કાલિક ટોલ વધારો અટકાવી દીધો છે. સોમવારે તમામ ટોલ પ્લાઝા પર જૂના દરો પર ટોલ લાદવામાં આવ્યો હતો. આનાથી વાહનચાલકોને રાહત મળી હતી અને તેઓએ વધારે ટોલ ચૂકવવો પડ્યો ન હતો. NHI સાથે સંકળાયેલા અધિકારીઓએ કહ્યું હતું કે ટોલના દરમાં પાંચ ટકાનો વધારો થવાનો છે. દરેક એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે માટે સૂચિત વધારો અલગ-અલગ હતો.

## તંત્રી લેખ...

# કિસ્મત અને મહેનત બંને માંથી કોણ વધારે ચડીયાતું?

કિસ્મત અને મહેનત ને લેવા દેવા હોઈ છે. કેમ કે કોઈ માણસ ખૂબ મહેનત કરે, ઘણા વિદ્યાર્થી ખૂબ મેહનત કરે પણ તેમના કરતા ઘણી વાર ઓછી મહેનત કરનારા વધુ સફળ થાય છે. મારો કહેવાનો મતલબ બિલકુલ એવો નથી કે કિસ્મત જ ઉપરમાં એક અસર કરનારું પરિબળ છે. બીજા ઘણા પરિબળ છે, જે કોઈ વ્યક્તિ ને વધુ સફળ બનાવે છે. દિવસની શરૂઆત સારા વિચારો સાથે:મહેનત અને કિસ્મત આ બે એવા રંગ છે જેના દ્વારા સફળતાની તસવીર બને છે, ભાગ્ય સાથે જોડાયેલી ૯ વાતો ભાગ્યને લઈને દુનિયા બે ભાગમાં વહેંચાયેલી છે. એક જ ભાગ્યને માને છે, બીજો જે કર્મને પ્રાથમિકતા આપે છે. સનાતન ધર્મ પ્રમાણે કર્મ અને ભાગ્ય એક જ ગાડીના બે પૈડા છે. જેમ કે વ્યક્તિ ની માનસિકતા, તેની આસપાસ નું વાતાવરણ પણ સાથે સાથે કિસ્મત પણ થોડોક ખેલ એ જ છે. કોઈ વ્યક્તિ ને ડોક્ટર બનવું હોઈ, એ માટે એ ખૂબ એટલે ખૂબ મહેનત કરે પણ તો બી કોઈ વાર એને પરિણામ પૂરતું નથી મળતું એટલે એને બીજી ફિલ્ડ માં જાવું પડે છે અને એ એમાં સફળ થાય છે. પણ એના કિસ્મતમાં ડોક્ટર બનવાનુ ના લખ્યું હોઈ એટલે એ નથી બની શકતો. કિસ્મત માં લખેલ મેળવવા માટેય મહેનત તો કરવી જ પડે છે. તથા મહેનત અને કિસ્મત ના મળે તો સમજવું કે કા તો મહેનત ખૂટે છે અને પુરે પૂરી મહેનત પછી ફળ ન મળે તો તમે મહેનત કરો છો પણ ક્યાંકને ક્યાંક એ દિશા ખોટી છે. એટલે સફળતા નથી મળતી. જો તમને એમ લાગે કે દિશા પણ સાચી છે, તો સમજવું સમય ખોટો છે. અને એ સાચો સમય આવે એની રાહ જોવી એ પાછું કિસ્મત પર depend કરે છે. બે મિત્રો હોઈ છે, બે જંગલમાં ભૂલા પડે છે, તેમને ભૂખ લાગે છે. એક મિત્ર કહે છે કે કૈક ખાવા નું શોધવા જવું પડશે અને બીજો કહે છે કે ભાઈ આપડા કિસ્મતમાં હશે તો શોધવા નઈ જાવું પડે. પણ પેલો મિત્ર બીજા મિત્ર ની આ વાત પર હસે છે અને તે તો નીકળી પડે છે ખાવાનું શોધવા અને તે ખાઈ લે છે, તેને થાય છે કે લાવ ને મારા મિત્ર માટે પણ લઈ જાવ અને પછી તે મિત્ર માટે ખાવા નું લઈ ને જાઈ છે. પછી બીજા મિત્ર ને કહે છે જોયું ને મિત્ર મહેનત થી જ ખાવા મળ્યું ને ત્યારે બીજો મિત્ર કહે છે કે દોસ્ત મને તો કિસ્મત થી જ ખાવા નું મળ્યું ને!! જો પેલો મિત્ર લેવા ન ગયો હોત તો બીજા મિત્ર ને પણ કિસ્મતથી તે ના જ મળે.

## દુનિયાને ગ્લોબલ વોર્મિંગથી બચાવ માટે હરિત જીડીપી મોડેલ અપનાવવું સમયનો તકાદો છે



પર્યાવરણને ખતરામાં નાખનારા વિકાસ મોડેલ માનવતા માટે યોગ્ય નથી. દુનિયામાં ઉત્પાદન આધારિત વિકાસ મોડેલ પર દાયકાઓથી ચર્ચા થતી રહી છે. માનવામાં આવે છે કે ઉત્પાદન આધારિત વિકાસ મોડેલથી પર્યાવરણને ખતરો છે, ખપતથી વધુ નિર્માણનો ખતરો છે અને ઉત્પાદનોની ડંપિંગનો ખતરો છે. ઉત્પાદન બાદ જરૂરિયાતો વિકસિત કરવાથી અસલી જરૂરિયાતો ગૌણ થઈ જાય છે. આજે ઉત્પાદન આધારિત વિકાસ મોડેલની વિટંબણા છે કે દુનિયા કચરા પ્રબંધન અને ગ્લોબલ વોર્મિંગ જેવી વિકરાળ સમસ્યા સામે ઝઝૂમી રહી છે. આધુનિક યુગની રક્ષા માટે વિશ્વના અનેક વિચારવાન લોકો તરફથી ખપત આધારિત વિકાસ મોડેલની માંગ થઈ રહી છે. તેનો મૂળ મંત્ર છે, જેટલી ખપત એટલું જ ઉત્પાદન. ઉત્પાદન પણ હરિત પદ્ધતિથી. આજે વિશ્વ જ્યારે જળવાયુ પરિવર્તનની સમસ્યાનો સામનો કરી રહ્યું છે, તો વર્તમાન વિકાસ મોડેલની ટીકાઓ વધતી જાય છે. ક્લાઈમેટ સંમેલનમાં વિશ્વમાં વધી રહેલા તાપમાનને ઓછું કરવાનો સંકલ્પ લેવામાં આવી રહ્યો છે, પરંતુ કાર્બન ઉત્સર્જનમાં ઘટાડા માટે હરિત વિકાસ મોડેલને અપનાવવાને લઈને વિકસિત અને વિકાસશીલ દેશોનું વલણ અલગ-અલગ છે. વિકસિત દેશ તેના માટે કિંમત ચૂકવવા તૈયાર નથી, જ્યારે કાર્બન ઉત્સર્જનમાં ઔદ્યોગિક વિકસિત દેશોની જ વધુ ભૂમિકા છે. સમાજસેવી અને માઈક્રોસોફ્ટના સહ-સંસ્થાપક બિલ ગેટ્સ સાથે વાતચીતમાં વડાપ્રધાન મોદીએ ચિંતા વ્યક્ત કરી કે પ્રગતિને માપવાનો હાલનો માપદંડ જળવાયુ વિરોધી છે. મોદીએ વિકાસને માપવા માટે ઉપયોગમાં લેવાતા માપદંડને જળવાયુ માટે હાનિકારક ગણાવ્યો. તેમણે હરિત સકલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)ની અવધારણા વિકસિત કરવાનું સૂચન કર્યું. દુનિયાને ગ્લોબલ વોર્મિંગથી બચાવ માટે હરિત જીડીપી મોડેલ અપનાવવું સમયનો તકાદો છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારતમાં જી-૨૦ શિખર સંમેલન બાદથી જળવાયુ કાર્યવાહીને ગતિ મળી છે. હરિત પ્રગતિ દૃષ્ટિકોણને વધુ કિફાયતી બનાવવા માટે દુનિયાએ બે આયામી રણનીતિ અપનાવવાની જરૂર છે, પહેલી- પ્રકૃતિ અને જળવાયુને અનુકૂળ નવાચાર, અને બીજી - પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી. આપણો વર્તમાન પડકાર એ છે કે આપણે પ્રગતિને કઈ નજરેથી જોઈએ છીએ. દાખલા તરીકે, કોઈ દેશના વિકાસને હંમેશાં તેની પોલાદ ખપત અને ઊર્જા ઉપયોગથી આંકવામાં આવે છે. તો આ માપદંડોના આધાર પર, આપણે દેશની અર્થવ્યવસ્થાની ગણના કરીએ છીએ. પરંતુ જો આપણે આ માપદંડો પર ભરોસો કરવાનું ચાલુ રાખીએ છીએ તો આપણે વધુ વીજળી અને વધુ સ્ટીલનો ઉપયોગ કરીશું, જેના પરિણામ કાર્બન ઉત્સર્જનમાં વૃદ્ધિ થશે. તેનો મતલબ છે કે આપણે આપણી માનસિકતા બદલવાની જરૂર છે. આપણે જીવનશૈલીનો વિકલ્પ બનાવવા અને જળવાયુને અનુકૂળ રીતોથી પ્રગતિને માપવાની જરૂર છે. વર્તમાનમાં, પ્રગતિના આપણા તમામ ઉપાયો જળવાયુ માટે હાનિકારક છે. આજે આપણે પ્રગતિના માપદંડો માટે વૈશ્વિક શબ્દાવલીને બદલવાની જરૂર છે. સ્વચ્છ ઊર્જા અને હરિત ઊર્જા ક્ષેત્રે તેજી લાવવાની જરૂર છે અને પેરિસ સમજૂતીનાં લ-યો અને નેટ-ઝીરો ઉત્સર્જનની દિશામાં આગળ વધતા રહેવાની જરૂર છે. હિરત વિકાસના તમામ આયામોને અપનાવીને જ વૈશ્વિકકલ્યાણનો માનવીય માર્ગ પ્રશસ્ત કરી શકાય છે. આપણે આપણા ઉપભોગની આદતોમાં સુધારની જરૂર છે. જેમ કે ગ્રાહકોએ કોઈ ઉત્પાદન ખરીદતી વખતે સ્વચ્છ ઉત્પાદનોને પ્રાથમિકતા આપવી જોઈએ.

**આખી જિંદગી આપણે વિદ્યાર્થી જ રહીએ તો જીવનમાંથી ઘણું નવું નવું શીખી શકાય! નવું નવું જાણી શકાય!**

# શક્તિ સ્વરૂપા સ્મૃતિ અને વિસ્મૃતિ બંને ગુણ છે! ઘર ગૃહસ્થી મહેંકાવવાં બંનેની જરૂર પડે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણને નાના હતા ત્યારથી જ શિક્ષક થવાનો શોખ, એટલે અન્યને શીખવાડવું ગમે, પણ પોતાનો સર્વશ્રેષ્ઠનો દાવો! એમાં મહત્વના મુકામો છૂટી ગયાં**

આપનાં શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં હમણાં ચકલી દિવસ, કવિતા દિવસ, શહિદ દિવસ, રંગમંચ દિવસ વગેરે દિવસોની હાર માળા ગઈ, અને એમાં વચ્ચે એક તારીખ એવી પણ ગઈ કે જેનો ઉલ્લેખ થયો નહીં, અને કદાચ વિસ્મૃતિ પણ થઈ ગઈ કે ૨૦૨૪ની બોર્ડની પરીક્ષાઓ ગઈ, અને વિદ્યાર્થીઓ વિશે કંઈ લખાયું નહીં. આમ જુઓ તો આખી જિંદગી આપણે વિદ્યાર્થી જ રહીએ તો જીવનમાંથી ઘણું નવું નવું શીખી શકાય! નવું નવું જાણી શકાય ! પરંતુ આપણને નાના હતા ત્યારથી જ શિક્ષક થવાનો શોખ, એટલે અન્યને શીખવાડવું ગમે, પણ પોતાનો સર્વશ્રેષ્ઠનો દાવો! એમાં મહત્વના મુકામો છૂટી ગયાં, અને હું, મારું, અને મારો અહમ, આ ત્રણને પાલનપોષણ કરીને એટલાં મોટાં કર્યાં, કે હવે નવું કંઈ શીખી શકાતું નથી! કારણ કે આપણાં અસ્તિત્વ આસપાસ આપણા જ આગ્રહો લપેટાઈ ગયા છે, અને એ જ સ્વભાવ બની ગયો છે. પરંતુ વિદ્યાર્થી કાળમાં જેમ યાદશક્તિની એટલે કે સ્મૃતિની આવશ્યકતા છે, એટલે જ જીવન સરિતા જેમ જેમ આગળ વધતી જાય, તેમ વિસ્મૃતિ ના ગુણની મહત્તા પણ છે! અને જે આપણે કરી શકતા નથી, એટલે જીવન થોડું ભારરૂપ પણ લાગે છે, અને મેં કર્યું! તે કર્યું! કે મેં કહ્યું તે કહ્યું અથવા તો અપેક્ષા ઉપેક્ષા ના ચક્રવ્યુમાં ફરતું રહે છે. પરંતુ આ નદી બંને ઘાટ પર અલગ અલગ મૂલ્યાંકન ધરાવે છે, અને બંને નું સમય સમય પ્રમાણે મહત્વ પણ છે. તો આજે આપણે એનાં વિશે ચિંતન કરીશું. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી બની જઈએ તો યાદશક્તિ ત્યારે બહુ જ જરૂરી હોય છે. આખું વરસ ભણ્યા હોઈએ અને ઘરકામ વગેરે કર્યું હોય, પાકી નોટ બનાવી હોય, તો ફાઈનલ પરીક્ષા વખતે બહુ વાંધો ન આવે. પરંતુ જો એ સમય ચૂકાઈ ગયો હોય, તો પછી ફાઈનલ પરીક્ષા વખતે ગોખવું પડે, અને ગોખેલું જ્ઞાન કદાચ સમયે યાદ ન પણ આવે, અને એનો જ ડર પરીક્ષા વખતે વિદ્યાર્થીઓને સૌથી વધુ હોય છે. આજના પ્રમાણમાં પહેલા શિક્ષણ સારું કે ખરાબ એવી કેટેગરીમાં ન જઈએ, તો પણ હળવું હતું એમ કહી શકાય! અને વિદ્યાર્થીઓને રમવાનો સમય મળતો! આખો દિવસ ભણભણ કરવું નહોતું પડતું! અને માતા પિતાનું પણ એટલું દબાણ રહેતું નહીં. ક્યારેક કોઈક વિદ્યાર્થી આ સમયને વધુ હળવાશથી લઈ લે, અને પડશે એવા દેવાશે એમ કરીને પરીક્ષા દેવા જાય! તો કોઈ કોઈ સમય પ્રમાણે રમી પણ લે અને ભણી પણ લે, એને પરીક્ષાઓ વખતે તકલીફ પડે નહીં! અને ભણેલું સમયે યાદ આવી જાય. કારણ કે માત્ર ગોખાયું ન હોય!: ટૂંકમાં વિદ્યાર્થી કાળમાં યાદશક્તિ એટલે કે સ્મૃતિ એ બહુ જરૂરી ગુણ કહેવાય! જેમ જેમ મોટા થતા ગયાં, ઉંમરનો નિશ્ચિત મુકામ આવી ગયો, માતા અને પિતાએ ઘરગૃહસ્થી પકડાવી દીધી, અને એમાં ઉત્પ્રોત થઈ ગયાં. કર્તવ્ય કર્મ, અને જવાબદારી જેવા બે વણનોતર્યા ઘટકો પણ જીવનમાં સામેલ થયા. જો ઘર ગૃહસ્થીને સંતુલિત રાખવી હોય તો પતિ પત્ની બંને પક્ષે કર્તવ્ય કર્મ અને જવાબદારીના ઘટકોને સરખી રીતે નિભાવવા જોઈએ! અને અહીંથી આપણે કર્યાની વિસ્મૃતિનો ગુણ વિકસાવવો બહુ જરૂરી બને છે. તેમજ પરિવારજનો એટલે કે અન્ય માટેની સ્મૃતિ બહુ મહત્વની હોય છે. જેમકે પૂત્રવધૂ હોય તો એને પરિવારના વડીલોના નિત્યક્રમ મુજબ બધું જ યાદ રાખવાનું હોય, પોતાના પતિના ટાઈમ ટેબલ અને અનુસરવાનું હોય તેમ જ સંતાનોના સમયને પણ સાચવવો પડે, અને જો ત્યાં ક્યારેક કોઈનાં સમય કે સગવડની વિસ્મૃતિ થાય એટલે ઘરમાં મહાભારત! એ જ રીતે પુરુષ નાં પણ ઘણા બલિદાન હોય છે, અને મોટાભાગના પતિ પત્ની માતા-પિતા બને પછી આ રીતે બધું કરતા હોય છે. એટલે કે વાત વાતમાં જતું કરવાની એની ભાવના પ્રબળ બનતી જાય છે, અને એ રીતે આ કર્તવ્ય કર્મ અને જવાબદારી બંને નિભાવતા નિભાવતા જીવનના અમુક વર્ષો પસાર થઈ જાય છે. ટૂંકમાં જ્યારે અને જે સમયે જે જરૂરી હતું એ બધું જ એમણે બખૂબી નિભાવી લીધું, એની માટેના ત્યાગ સમપ ર્ણ બલિદાન બધું જ થયું, અને એટલે જ ગૃહસ્થી બગીચા જેમ મહેકી ઉઠી. સમયનો હવે એ મુકામ આવ્યો અને સંતાનોના લગ્ન થયા, ઘરમાં નવા વ્યક્તિઓનુ આગમન થયું! આનંદ આનંદ થઈ ગયો! ક્યાંક કોઈક જવાબદારી છૂટી કે કર્તવ્ય કર્મ પૂરું થયું, તો ક્યાંક હજી એની એ જ ઘટમાળ! અને એમાં પણ યુગ પરિવર્તનને સ્વીકારીએ નહીં તો, બધું નજર અંદાજ કરવું અઘરું પણ પડે, અને એ મુકામે ઘણીવાર વિસ્મૃતિ ના એ ગુણની સ્મૃતિ થવા લાગે! અને એકદમ જીવનમાં હલચલ વર્તાવા લાગે! પોતાનાં જીવનનાં આટલાં મહત્વના વર્ષો વેડફાઈ ગયાનો ભાવ પણ થાય! સરખામણી પણ થાય! અને એમાંથી ક્યારેક પોતાની સાથે અન્યાય થયો, કે પછી જ્યાં જરુર નહોતી ત્યાં ત્યાગ સમર્પણ કરીને પોતે બહુ મોટી ભૂલ કરી! એવો ભાવ પણ આવે! પરંતુ સમયનો એ મુકામ તો ગયો હવે! હવે શું! પણ એકવાર જો આવો ભાવ થાય તો એ અંદર યુદ્ધ મચાવે છે, અને જો જાગૃતિ ન હોય તો ફરજ ચૂકાવે! જીવનમાં વિદ્રોહની શરૂઆત થાય કે પછી જીવન નિરસતા તરફ એટલે કે ભાવ શૂન્ય પણ બની શકે! એટલે મેં આટલું કર્યું એ બાબત હંમેશા વિસ્મૃતિ રહે, અને મારે તો હજી આટલું કરવાનું છે એ બાબત સ્મૃતિ રહેવી જોઈએ. તો સ્મૃતિ અને વિસ્મૃતિ બંને ગુણ છે, અને બંને એનો સમય સાચવી લે તો જ જીવન સરિતાના બંને કિનારા સંતુલિત રીતે આગળ વધે! રોજ આપણે ભગવાન પાસે કેટલી એ પ્રકારની માંગણીઓ કરતા હોઈએ છીએ, તો પ્રાર્થનામાં હે ઈશ્વર તું મને મારા આજ સુધીના કર્તવ્ય કર્મ કે જવાબદારી નિભાવી છે, એ બાબત વિસ્મૃતિનો ગુણ આપજે, અને હજી પણ મારે અન્ય માટેના કર્તવ્ય કર્મ નિભાવવા ના છે એ માટે સ્મૃતિનો ગુણ આપજે, જેથી કરીને હું મારી ફરજ ચૂકુ નહીં! અશાંત જીવનમાં શાંતિ માટે એવી એક પ્રાર્થનાનો પ્રયોગ પણ કરી શકાય. આપણે જીવ છીએ એટલે અમુક ભાવ આપણામાં સહજ હોય, અને એમાં પણ સરખામણીનો ભાવ આપણામાં બહુ સહજ રીતે આવી જ જાય! આડોસ પાડોશમાં પણ સરખામણી થતી હોય, તો જ્યારે ઘરમાં એવી ઘટના ઘટે ત્યારે તો સરખામણી થવી એ સાવ સહજ છે. પરંતુ આપણી સંસ્કૃતિના સંસ્કાર મુજબ ઉંમરથી જ માત્ર મોટા થવાતું નથી, ક્યારેક આમ જતું કરીને એટલે કે મોટાઈ બતાવીને પણ મોટા થવાતું હોય છે, અને એ પણ સમય રહેતાં. સતત પોતે કર્યાનું ગાણું ગાવું, એ આપણી સંયુક્ત કુટુંબ પ્રથા તૂટવાનું એક કારણ છે! તો દૂર રહીને પણ મનમેળાપ રાખવો હોય તો મોટા તો બનવું જ પડશે, સમયે સ્મૃતિને સમયે વિસ્મૃતિ આ બંને ગુણની પુષ્ટિ માટે ઈશ્વરને સતત પ્રાર્થતા રહીને આપણી ઘરગૃહસ્થીના બગીચાને સીંચીએ જેથી એ મોગરા જેમ મહેકતો રહે, અને ખુશી તેમજ પ્રસન્નતાની લહેરખીઓથી લહેરાતો રહે. આપણે સૌ સ્મૃતિ અને વિસ્તૃતિનાં આ રીતના મહત્વને સમજીને જીવન જીવી શકીએ, તેમજ નાના મોટા સૌ પ્રત્યેનું આપણું કર્તવ્ય કર્મ કે જવાબદારી નિભાવતા રહીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે**

# ભગવાન શરીર જોતા નથી, ઘર જોતા નથી, ભગવાન કાળજું જુએ છે, મન મોટું હોય તો ભગવાન આવે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે**

સુખદુ:ખ એ મનના ધર્મ છે. જન્મ મરણ એ શરીરના ધર્મ છે. ભૂખ અને તરસ એ પ્રાણનો ધર્મ છે. સુખદુ:ખ મનને થાય એટલે આત્મા કલ્પે છે કે, મને દુ:ખ થાય છે.મનને થયેલા સુખદુ:ખના આરોપ અજ્ઞાન થી આત્મા પોતાના માં કરે છે. આત્મા તો સ્ફટિક જેવો શુદ્ધ નિર્મત્ર અલ છે. તેમાં વિષયોનું પ્રતિબિંબ પડવાથી મનને લીધે આત્મા માને છે કે, મને દુ:ખ થયું. સ્ફટિકમણિ પાછળજેવા રંગનું ફૂલ રાખશો તો તેનો તેવો રંગ દેખાશે,પણ તે રંગ સ્ફટિક મણિનો નથી પણ ફૂલનો છે. જળમાં ચંદ્રમાનું પ્રતિબિંબ પડે છે, ત્યારે જળના હલનચલનને કારણે તે પ્રતિબિંબ હાલતું ચાલતું દેખાય છે અથવા કંપિત દેખાય છે. પણ ચંદ્રમાને તે પ્રમાણે થતું નથી. તેમ દેહાદિના ધર્મો પોતાનામાં નહીં હોવા છતાં જીવાત્મા તે પોતાનામાં કલ્પી લે છે.બાકી જીવાત્મા નિર્લેપ છે. જીવાત્મામાં જણાતા દેહાદિના ધર્મો નિષ્કામ ભાગવત ધર્મનું અનુ સરણ કરવાથી,ભગવાનની કૃપાથી અને તે દ્વારા થયેલા ભગવાન પર ના ભક્તિયોગ થી ધીમે ધીમે દૂર થાય છે. જે ભક્તિનિષ્ઠ થાય છે, તે સમસ્ત લોકમાં પરમાત્માને વ્યાપેલો જુએ છે. સંસારના વિષયોમાંથી સર્વ પ્રકારે હટી ગયેલું મન ઈશ્વરમાં લીન થાય છે.મન નિર્વિષ્ય બને છે ત્યારે આનંદરૂપ થાય છે. જીવ જેવો કોઈ લુચ્ચો નથી અને ઈશ્વર જેવો કોઈ ભોળો નથી. તેજ બીજાને માટે કરવું પડે છે તો ત્રાસ થાય છે, પણ પોતાનાં સગાં માટે કરવું પડે તો આનંદ થાય છે. રાત્રે અગિયાર વાગ્યે કોઈ મહારાજ બહારગામ થી આવશે તો મન કહેશે કે, આ લપ ક્યાંથી આવી? પણ જો રાત્રે બાર વાગ્યે પિયરથી કોઈ ભાઈ આવે ને કહે કે, નાસ્તો કરીને આવ્યો કેમ છું. ભૂખ નથી. તો પણ તેને શીરો-પૂરી કરી જમાડશે. આ બધો મનનો ખેલ છે. મન બહુ શરૂ લુચ્ચું છે. 'મારું અને તારું' એ મનના ઊભા કરેલા ખેલ છે. ખરેખર મન એ જ બંધન અને મોક્ષના કારણરૂપ છે. મા, જીવનાં બંધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે. મન જો વિષયોમાં આસક્ત થાય તો તે બંધનનું કારણ બને છે અને એ જ મન જો પરમાત્મામાં આસક્ત થઈ જાય તો તે મોક્ષનું કારણ બની જાય છે. ભગવાન શરીર જોતા નથી, ઘર જોતા નથી, ભગવાન કાળજું જુએ છે.મન મોટું હોય તો ભગવાન આવે છે. મનમાં રહેલી અહંતા-મમતા, પારકો-મારો જ મનને દુ:ખી કરે છે અને તે મનના ધર્મો આત્મસ્વરૂપ માં ભાસે છે, તેથી આત્મા પોતાને સુખી દુ:ખી માને છે. પરંતુ વાસ્તવિક આત્મા તો આનંદરૂપ છે. પાપ કરવાની કોઈને પ્રેરણા કરવી પડતી નથી, ત્યારે પુણ્ય કરવાની પ્રેરણા કરવી પડે છે. કારણ કે મન અધોગામી છે. મનુષ્યનું મન પાણી જેમ ઢાળ તરફ વહે છે જળની જેમ મન પણ અધોગામી એટલે નીચે જવાવાળા સ્વભાવનું છે. મનનો સ્વભાવ એવો છે કે ઊંચે ચડતું નથી, નીચે જાય છે.પણ આ મનને ઉપર ચડાવવાનું છે. પરમાત્માના ચરણ સુધી લઈ જવાનું છે. પાણીને યંત્રનો સંગ થાય તો પાણી ઊંચે ચડે છે. તેમ મંત્રના સંગથી મન ઊંચે ચડે છે. મનને મંત્રનો સંગ આપો. મનને મંત્રનો સંગ થાય તો અધોગતિ મન ઊર્ધ્વગામી બનશે. જેણે પોતાનું મન સુધાર્યું તે બીજાને સુધારી શકે છે. મનને સુધારવા બીજું સાધન નથી. મનને ઊલટું કરવાથી થશે નમ! નમ એટલે નમન-નમ્રતા દીનતા. નમ અને નામ મનને સુધારશે. માટે મનને સ્થિર કરવા નામ જપ ની આવશ્યકતા છે. જપથી મનની મલિનતા અને ચંચળતા દૂર થાય છે. માટે કોઈ મંત્રનો જાપ કરો. સંસારના વિષયોના સંગથી બગડેલું મન ઈશ્વરનું ધ્યાન કરવાથી સુધરે છે. સર્વના અંતરમાં પરમાત્મા રહેલા છે, તેમ છતાં તે સર્વનાં દુ:ખ દૂર કરતા નથી તેમ અંદર બિરાજી રહેલા ચૈતન્યરૂપ પરમાત્મા મન બુદ્ધિને પ્રકાશ આપે છે. ભગવાનનું સ્વરૂપ એવું તેજો મય છે કે આપણા જેવા સાધારણ જીવો તે જોઈ શકે નહીં. ભગવાનનું સગુણ સ્વરૂપ તેજોમય હોવાથી જોઈ શકાતું નથી, તેથી આપણા જેવા માટે તો ભગવાનનું નામ સ્વરૂપ, મંત્ર સ્વરૂપ ઈષ્ટ છે. ભગવાન ભલે પોતાના સ્વરૂપ ને છુપાવી શકે પણ નામને છુપાવી શકતા નથી. સ્વરૂપ પ્રગટ છે માટે પરમાત્માના કોઈ નામનો દૃઢ આશ્રય કરો.મન લૌકિક વાસનાથી બગડયું છે તે અલૌકિક વાસના જાગશે તો સુધરશે. કાંટાથી કાંટો નીકળે તેમ વાસનાનો નાશ વાસનાથી જ કરવો પડે છે. લૌકિક વાસના અલૌકિક વાસના થી જ નીકળે છે. અસદ્ વાસનાનો વિનાશ સદ્વાસનાથી થાય છે. મારે જન્મમરણ ફેરામાંથી મુક્ત થવું છે.મારે ગોલોક ધામમાં જવું છે. મારે આ જન્મમાં પરમાત્માનાં દર્શન કરવાં છે. આવી ભાવના રાખો તો લૌકિક વાસનામાં કસાયેલું મન સુધરે છે ફિલ્મ જોવાની વાસના કાઢવી હોય તો પરીક્ષામાં પહેલે નંબરે પાસ થવાની ઈચ્છા રાખવી. એવો ઈચ્છાથી પુસ્તક સંગ લાગશે. પુસ્તક સંગથી ફિલ્મ જોવાની ઈચ્છા છૂટી જશે. વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી વેર શમે છે તે આ જ પ્રમાણે. એક રાજાને ત્યાં એક બકરો હતો. રાજાએ જાહેર કર્યું કે,આ બકરાને પેટ ભરીને જંગલમાંથી કોઈચરાવી લાવશે તેને હું મારું અડધું રાજ્ય આપીશ.જાહેરાત સાંભળી તરત એક મનુષ્ય રાખ પાસે આવ્યો. બકરાને પેટ ભરીને ચરાવવું એમાં શું મોટી વાત છે! એમ કહી રાજા પાસેથી બકરાને ચરાવવા લઈગયો તેણે આખો દિવસ સારૂ સારુંઘાસ બકરાને ખવડાવ્યું પછી સાંજે તે મનુષ્ય બકરાને રાજા પાસે લાવ્યો. રાજાએ થોડું લીલું લીલું ઘાસ બકરા પાસે મૂક્યું છે. બકરો ઘાસ ખાવા લાગ્યો. રાજાએ પેલા મનુષ્ય ને કહ્યું કે,તેં ક્યાં પેટ ભરીને ખવડા વ્યું છે? પેટ ભરીને ખવડાવ્યું હોત તો તે ઘાસ ખાત જ નહીં. ઘણા માણસોએ પ્રયત્ન કરીજોયા બકરાને ખૂબ ખવડાવીને લાવે પણ બકરાને ઘાસ નાખે કે બકરો તે ખાવા જાય જ. એક સત્સંગીને લાગ્યું કે, રાજાની આ જાહેરાત પાછળ જરૂર કંઈક રહસ્ય છે.હું યુક્તિથી કામ લઈશ. તે બકરાને ચરાવવા લઈ ગયો. બકરા ઘાસ ખાવા જાય કે તરત તેના મોઢા ઉપરએ લાકડીનો ફટકો મારે. બકરાએ જેટલી વખત ઘાસ ખાવાનો પ્રયત્ન કર્યો તેટલી વખત લાકડીના ફટકા મોઢા ઉપર પડ્યા. અંતે બકરાને ઠસી ગયું કે, ઘાસમાં મુખ નાખીશ તો મને માર પડશે. સાંજના સત્સંગી બકરાને લઈ રાજા પાસે આવ્યો. રાજાએ બકરાને ઘાસખાવા નાખ્યું પણ બકરાએ ઘાસ તરફ જોયું સુદ્ધાં નહીં. તેને બીક હતી કે ઘાસ ખાવા જઈશ તો માર પડશે. એ બકરો તે આપણું મન. બકરાને ઘાસ ચરાવવા લઈ જનારો જીવાત્મા રાજા એ પરમાત્મ મનને મારો,તેના ઉપર અંકુશ રાખો. મનને વિવેકરૂપી લાકડી રોજ મારો ભરેલું છે. મન માર્ગ ત્યારે મનને વિવેકરૂપી લાકડી મારશો, તો તે વશ થશે.મન અહંતા-મમતા થી ભરેલું છે મન માગે ત્યારે મનને વિવેકૃપી લાકડી મારશો તો તે વશ થશે. રામદાસ સ્વામીએ મનને બોધ આપ્યો છે.દઢ વૈરાગ્ય. તીવ્ર ભક્તિ અને યમનિયમાદિના અભ્યાસથી ચિત્ત વશ થાય અને સ્થિર થાય છે. અને છેવટે પ્રકૃતિ ધીમે ધીમે અદશ્ય થાય છે. સંસાર ઉપર વૈરાગ્ય લાવવા માટે જન્મ મૃત્યુ જરાવ્યાધિના દુ:ખનો વિચાર એ જ એક ઉપાય છે. આ જગતમાં સુખી થવાના બે જ માર્ગ છે:એક જ્ઞાનમાર્ગ અને બીજો ભક્તિમાર્ગ. જ્ઞાનમાર્ગ કહે છે કે, સર્વ છોડીને પરમાત્મા પાછળ પડો. વૈરાગ્ય વગર જ્ઞાન મળતું નથી. જ્ઞાનમાર્ગમાં વૈરાગ્ય મુખ્ય છે. જ્ઞાનમાર્ગમાં બધું છોડી દેવાનું છે. જ્ઞાની બધું છોડી દે છે અને એક ભગવાનને પકડી રાખે છે. જ્ઞાનમાર્ગમાં ત્યાગ મુખ્ય છે. ભક્તિમાર્ગ કહે છે કે, સર્વનો ત્યાગ કરવો એ અઘરું છે.

## આમળાનો ઉપયોગ લોકો અથાણાં, જ્યુસની બનાવટમાં કરતા હોય છે



આમળાની અંદર ભરપૂર પ્રમાણમાં ફાયબર હોય છે, જે પાચન શક્તિને મજબૂત બનાવે છે. ફાયબરનાં સેવનથી મેટાબોલિઝમ બુસ્ટ થાય છે. આમળાનો ઉપયોગ લોકો છુંદા, અથાણાં, જ્યુસની બનાવટમાં કરતા હોય છે. આમળા પોષક તત્વોનો ભંડાર છે, આમળાને આયુર્વેદમાં "મહાઔષધિ" ગણાવામાં આવે છે. ભારતમાં દરેક વ્યક્તિ આમળાથી પરિચિત છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) ભારતમાં ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે, જેણે પોતાના જીવનમાં ક્યારેય આમળાનું નામ સાંભળ્યું ન હોય. આયુર્વેદમાં આમળાને "મહાઔષધિ" તરીકે ઓળખવામાં આવે છે. આમળાને સૌથી જૂની આયુર્વેદિક દવાઓમાંની એક માનવામાં આવે છે. આમળા વિટામિન-ઝ, કેલ્શિયમ, એન્ટિઓક્સિડન્ટ્સ, આયર્ન, પોટેશિયમ જેવા તમામ પોષક તત્વોનો ખજાનો છે.જો રોજ સવારે ખાલી પેટે આમળા ખાવામાં આવે, તો તેના ફાયદા અનેકગણા વધી જાય છે. તમે આમળાને કાચા અથવા છુંદા તરીકે ખાઈ શકો છો. જો કે ડાયાબિટીસના રોગીઓ કાચા આમળાનું સેવન જ કરવું જોઈએ, આ લોકોએ આમળાના ગળ્યા છુંદાનુ સેવન ટાળવું જોઈએ. ડાયાબિટીસના દર્દીઓ આહારમાં જ્યુસ, અથાણાં કે ચટણીના રૂપમાં આમળાનું સેવન કરી શકે છે.આમળામાં વિટામિન સી ભરપૂર માત્રામાં હોય છે, જે શરીર માટે અમૃત સમાન છે. આમળાનું સેવન વાત પિત્ત અને કફને સામાન્ય રાખે છે અને શરીરની ગંદકી દૂર કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

# મિક્સ ઋતુમાં ત્વચાની આવી રીતે રાખો સારસંભાળ, અપનાવો આ ઘરગથ્થુ ઉપાય

જો તમે તમારા રંગ માટે ઉપયોગમાં લેવાતા ઉત્પાદનો વિશે ચિંતિત છો, તો તમે કદાચ જાણતા હશો કે કેટલીક પરંપરાગત સ્કિનકેર બ્રાન્ડ્સ કઠોર રસાયણોનો ઉપયોગ કરે છે જે અમારી ત્વચા દ્વારા શોષી શકાય છે. તમે જે જાણતા ન હોવ તે એ છે કે તમારા ટીકપમાં સૌમ્ય સૌંદર્ય ઘટકો હોઈ શકે છે. કુદરત તરફથી મળેલી પૌષ્ટિક ભેટોનો ઉપયોગ કરીને તમારા રસોડામાં તમારી પોતાની આયુર્વેદિક સ્કિનકેર બનાવવાની મજા આવે છે, તે પૈસાની બચત કરી શકે છે. માત્ર તુલસી સ્વીટ રોઝ ચા અને પાણી દર્શાવતી બે ઘટક આયુર્વેદિક સ્કિનકેર રેસીપી. ૩ અસલ તુલસી ટી બેગ્સ, ૧/૨ કપ ઓર્ગેનિક કોકોનટ સુગર, ૬ ચમચી ઓર્ગેનિક નાળિયેર તેલ, એક ચમચી કાચું મધ, લગભગ બે મિનિટ માટે એક કપ ગરમ પાણીમાં ઓર્ગેનિક ઈન્ડિયા તુલસી ટી બેગ્સ ઉકાળો. ટી બેગને તમે સ્પર્શ કરી શકો ત્યાં સુધી ઠંડી થવા દો. એક મધ્યમ કદના બાઉલમાં, દરેક ટી બેગમાંથી પ્રવાહીને નિચોવો અને જ્યાં સુધી તે સારી રીતે ભળી ન જાય ત્યાં સુધી તમામ ઘટકોને મિક્સ કરો. જો તમારી ત્વચા ગરમ ઉનાળાના મહિનાઓમાં ધબકતી હોય, તો આ તુલસી આયુર્વેદિક સ્કિનકેર સ્ક્રબ તમને જરૂર છે! તે માત્ર મૃત ત્વચાના કોષોને દૂર કરવામાં મદદ કરે છે એટલું જ નહીં, તે તમારા શરીરને રેશમ જેવું સરળ લાગે છે! ગરમ ફુવારો અથવા સ્નાન લીધા



પછી તમારા શરીર પર લાગુ કરવાનો પ્રયાસ કરો. બદલાતા હવામાનના કારણે અત્યારે વહેલી સવારે ઠંડી અને બપોરે ગરમી લાગે છે. એક જ ઋતુમાં બે ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. આવા વાતાવરણની અસર સીધી આપણી સ્કીન પર થાય છે, જેથી ત્વચાની કાળજી રાખવી ખૂબ જરૂરી છે. અહીં આવા વાતારવરણમાં સ્કીન કેરની કેટલીક ટિપ્સ આપવામાં આવી છે. અત્યારે એક સાથે બે ઋતુ ચાલી રહી હોય એવું લાગી રહ્યું છે, આવા સમયે ઘણા લોકો ત્વચાની સમસ્યાથી હેરાન પરેશાન થઈ જતા હોય છે. કારણ કે, આવા સમયે ત્વચા પર ક્રીમ લગાવવી કે પાવડર લગાવવો એક મોટો પ્રશ્ન રહેતો હોય છે. અત્યારે લગ્નની સીઝન પણ ચાલી રહી છે. ત્યારે ત્વચાની સારસંભાળ કેવી રીતે રાખવી એ અંગે બ્યુટીશિયન કોમલબેન પટેલે વિગતવાર માહિતી આપી છે. સૌપ્રથમ આપણે મોઢા પર થતા ખીલ અને ફોલ્લીઓની વાત કરીએ તો એના ઉપર ચંદનનો લેપ લગાવવો જોઈએ અથવા તો ચંદન પાઉંડરમાં થોડું ગુલાબજળ મિક્સ કરીને લગાવવું જોઈએ. ૨૦થી ૩૦ મિનિટ લેપ રાખ્યા બાદ ચહેરાના સાદા પાણીથી ધોઈ લો. આ સિવાય બીજો ઉપાય છે, ગુલાબજળમાં ટી ટ્રી ઓઈલનો ઉપયોગ પણ સ્કિન એલર્જી માટે ખૂબ જ ફાયદાકારક છે. ગુલાબજળમાં ટી ટ્રી ઓઈલના ૨ ટીપા મિક્સ કરીને પણ મોઢા પર લગાવી શકો છો. તદુપરાંત સ્કીન એલર્જી થઈ હોય ત્યાં દૂધમાં હળદર મિક્સ કરીને તેનો લેપ લગાવી શકાય છે. કારણ કે, દૂધ સ્કિનના મૂળથી સફાઈ કરે છે અને હળદર એન્ટિસેપ્ટિક ગુણ ધરાવતો હોવાથી સ્કિન સારી કરવામાં મદદ કરે છે. આ સિવાય એપલ વિનેગર પણ ખંજવાળમાં રાહત આપે છે અને એન્ટી ફંગલ હોવાને કારણે સનબર્ન અને ડેન્ડ્રફમાં રાહત આપે છે. જે જગ્યા પર ખંજવાળ આવતી હોય ત્યાં રૂનો ઉપયોગ કરીને એક મગ પાણીમાં એક ચમચી વિનેગર મિક્સ કરીને સ્કીન પર લગાવવું. જો તમને કોઈ જગ્યા પર સોજો આવ્યો હોય તો ત્રણથી ચાર કપ પાણી એક મુઠ્ઠી લીમડાના પાંદડાને કલાક સુધી ઉકાળવા અને આખી રાત રહેવા દેવુ. બીજા દિવસે સવારે પાણીને ગાળી લઈ પાણીની પેસ્ટ બનાવી અને ફોલ્લીઓ અથવા સોજા વાળી જગ્યા પર લગાવો. તદુપરાંત લીમડાના પાણીને એલર્જી દૂર કરવા માટે પણ વાપરી શકાય છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.)

## ગૃહિણી કે કામ કરતી સ્ત્રી વચ્ચે મહિલાઓનું ધર્મસંકટ



તમે જો ઓફિસ અવર્સમાં નિયમિત મુંબઈ લોકલમાં ટ્રાવેલ કરતી મહિલાઓને જોઈ હશે તો કેટલાંક એવાં દ્રશ્યો જોયા હશે, જેને જોઈને તમને કદાચ હસવું આવી જતું હશે. જેમકે, લોકલમાં સીટ પકડવા સાડીનો કછેડો મારીને દોડીને અંદર જતી મહિલા હોય, કે સાંજે ઘરે જતી વખતે ટ્રેનમાં શાક સમારતી મહિલા હોય, અથવા લોકલમાં બેઠાબેઠા બાળકનું સ્વેટર બનાવતી મહિલા હોય. ભારતમાં મહિલા એટલે પહેલા એક "ગૃહિણી અને તે પછી બીજું બધું, તેવી એક પ્રથા ચાલી આવી છે, જેને મહિલાઓએ પણ સહર્ષ સ્વીકારી છે. તેમના માટે તેમનું ઘર, પતિ, બાળકો અને પતિનો પરિવાર પહેલી પ્રાથમિકતા હોય છે. તે પછી પોતાની કેરિયર અને શોખની વાત આવે. પણ સાથે એ પણ નકારી ન શકાય તેવું સત્ય છે કે મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગની લાખો મહિલાઓ માટે નોકરી કરવી એ માત્ર શોખ નહીં, પણ જરૂરિયાત સુધ્ધાં હોય છે. તેવા સમયે વર્ક-લાઈફ બેલેન્સ બનાવી રાખવું એ તંગ દોરડા પર કસરત કરવાથી કમ નથી હોતું. ભારતમાં નોકરી કરતી મહિલાઓ માટે તેમના પુરૂષ સમકક્ષોની સરખામણીમાં વર્ક-લાઇફ બેલેન્સ એ મોટી ચિંતા છે, તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક રિપોર્ટનાં તારણો પણ આ વાતની પુષ્ટિ કરે છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. ) "વુમન ઈન ઈન્ડિયા ઈંક એચઆર મેનેજર્સ સર્વે રિપોર્ટ અનુસાર, ૩૪ ટકા મહિલાઓ વર્ક-લાઈફ બેલેન્સને કારણે નોકરી છોડી દે છે, પરંતુ પુરુષોના કિસ્સામાં માત્ર ૪ ટકા આ સમસ્યાનો સામનો કરે છે. ૨૦૦ વરિષ્ઠ હ્યુમન રિસોર્સ મેનેજર્સના સર્વેક્ષણના આધારે ગોદરેજ ડીઈઆઈ લેબ્સ, સેન્ટર ફોર ઈકોનોમિક ડેટા એન્ડ એનાલિસિસ, અશોકા યુનિવર્સિટી અને દસરાની ભાગીદારીમાં ધ ઉદૈતી ફાઉન્ડેશન દ્વારા આ અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર મહિલાઓ તેમની સંસ્થાઓ છોડવા માટેના ટોચનાં ત્રણ કારણો પગારની ચિંતા, કારકિર્દીની તકો અને કાર્ય-જીવન સંતુલન છે. અને જો ધ્યાનથી જોવામાં આવે તો પુરુષો કરતાં ઓછો પગાર, ઘણાં ક્ષેત્રોમાં કારકિર્દીમાં પુરુષોને વધુ તકો અને કાર્ય-જીવન સંતુલનમાં પુરુષો કરતાં અનેકગણો વધુ સંઘર્ષ મહિલાઓ માટે હોય છે. એવી કેટલીય મહિલાઓ છે જે સવારે નોકરી પર જતાં પહેલા ઘરેથી આખા પરિવારની રસોઈ કરીને નીકળે અને નોકરી પરથી થાકીને ઘરે પાછા આવીને સીધા રસોડામાં રાત્રિભોજનની તૈયારી શરૂ કરી દે.

# સ્વાસ્થ્ય માટે છે અતિ ગુણકારી, નિયમિત સેવનથી થતાં ફાયદા

કારેલા ખાવામાં થોડું કડવું હોય છે, તેથી મોટાભાગના લોકો તેનું સેવન કરવાનું પસંદ કરતા નથી. પરંતુ શું તમે જાણો છો કે કારેલાનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે, કારેલામાં ઔષધીય ગુણો ભરપૂર હોય છે. ચાલો આયુષ મેડિકલ ઓફિસર દ્વારા કારેલાના સેવનથી થતાં ફાયદા વિશે જાણીએ. લીલા શાકભાજીનું સેવન ખૂબ જ ફાયદાકારક છે. આવું જ એક શાક કારેલાંનું શાક છે. કારેલા કડવા હોવાથી તેનો સ્વાદ ખૂબ જ ઓછા લોકોને પસંદ આવે છે. જો કે, કડવા કારેલાં અનેક ગુણોથી ભરપૂર છે. કારેલા ખાવાથી ઘણા ફાયદા થાય છે. કારેલા શરીરને રોગોથી



બચાવવામાં તેમજ શરીરને નિરોગી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. (નોંધઃ આ લેખમાં આપવામાં આવેલી માહિતી અને સૂચનો સામાન્ય જાણકારી પર આધારિત છે. ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત તેની પુષ્ટિ કરતું નથી. અમલવારી કરતા પહેલા સંબંધિત નિષ્ણાતની સલાહ લો.) જો કારેલાંનું યોગ્ય રીતે સેવન કરવામાં આવે, તો પેટ સંબંધિત સમસ્યામાં તેમજ ડાયાબિટીસની સમસ્યામાં પણ ફાયદો થાય છે. દરેક વ્યક્તિએ કારેલાનો સમાવેશ પોતાના ડાયટમાં કરવો જોઈએ. કારેલામાં ઔષધીય ગુણધર્મો હોય છે. જે લોકોને ડાયાબિટીસની સમસ્યા હોય છે, તેમના માટે આ કારેલાને વરદાન જેવા છે. તે લોહીમાં શર્કરાના સ્તરને કુદરતી રીતે ઓછું કરવામાં કરવામાં મદદ કરે છે, જેના કારણે બ્લડ શુગર પણ ઝડપથી ઘટે છે. કારેલાને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે, કારેલાને પોષક તત્વોથી ભરપૂર માનવામાં આવે છે. કારેલાને કાર્બોહાઈડ્રેટ્સ, ફાઈબર, પ્રોટીન, કેલ્શિયમ, આયર્ન, પોટેશિયમ, ઝિંક, ફોસ્ફરસ, વિટામિન-A, વિટામિન B-1, વિટામિન B-2, વિટામિન-C જેવા વિવિધ પોષક તત્વોથી સમૃદ્ધ માનવામાં આવે છે. કારેલા પેટમાં જમા થયેલી અશુદ્ધિઓને દૂર કરે છે, ડાયાબિટીસને નિયંત્રિત કરે છે, રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે, યકૃતને સ્વસ્થ બનાવે છે, વજન ઘટાડવામાં મદદ કરે છે અને લોહીને સાફ કરે છે. કારેલાના રસના સેવનથી તેમજ કારેલાનું શાક ખાવાથી સ્વાસ્થ્ય સંબંધિત ઘણા લાભો થાય છે. કારેલામાં ભરપૂર માત્રામાં પોષકતત્વો હોય છે. કારેલામાં ગ્લાયકોસાઈડ મોમોટ્રિસિન નામનું એક ખાસ તત્વ હોય છે. જે કારેલાના કડવા સ્વાદનું કારણ છે, પરંતુ કારેલાંની કડવાશ સ્વાસ્થ્ય સાથે જોડાયેલી અનેક બીમારીઓમાં ફાયદાકારક છે.

BOLLYWOOD NEWS FLASH

# બોક્સ ઓફિસ પર કરિનાની ફિલ્મ 'ક્રૂ'એ ધમાલ મચાવી




ફિલ્મ 'ક્રૂ' એ તેની રિલીઝના ત્રણ દિવસમાં જ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી છે

રાજેશ એ કૃષ્ણન દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ક્રૂ' એ તેની રિલીઝના ત્રણ દિવસમાં જ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી છે. આ ફિલ્મને દર્શકોનો મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મમાં કરીના કપૂર, તબ્બુ અને કૃતિ સેનનની જોડી જોવા મળી છે. આ ત્રણેયે પહેલીવાર એક ફિલ્મમાં સાથે કામ કર્યું છે અને તેથી જ લોકો તેમની એક્ટિંગ અને જોડીને પસંદ કરી રહ્યા છે. આ જ કારણ છે કે આ ફિલ્મે શરૂઆતના દિવસે જ સારી કમાણી કરી હતી. હવે આ ફિલ્મના ત્રીજા દિવસનું કલેક્શન પણ સામે આવ્યું છે. ચાલો જાણીએ કે રવિવારે ફિલ્મે કેટલો બિઝનેસ કર્યો. ૨૯ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ક્રૂ'એ ધમાલ મચાવી દીધી છે. અગાઉ શેતાન બોક્સ ઓફિસ પર કબજો જમાવી ચૂકી હતી, પરંતુ હવે ક્રૂના કલેક્શનને જોતા લાગે છે કે આ ફિલ્મ કમાણીના મામલે અજય દેવગનની ફિલ્મને ટક્કર આપવા જઈ રહી છે. તેના શરૂઆતના દિવસે જ આ ફિલ્મે ૯.૨૫ કરોડની કમાણી સાથે પોતાનું ખાતું ખોલાવ્યું હતું. આ પછી, ફિલ્મે શનિવારે છલાંગ લગાવી અને ૯.૭૫ કરોડનો બિઝનેસ કર્યો. હવે રવિવારનું કલેક્શન પણ આવી ગયું છે. એક રિપોર્ટ અનુસાર, આ ફિલ્મે રિલીઝના ત્રીજા દિવસે અત્યાર સુધીમાં ૯.૭૯ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. જો કે, આ પ્રારંભિક આંકડા છે અને તેમાં ફેરફાર થઈ શકે છે. આવી સ્થિતિમાં ઘરેલુ બોક્સ ઓફિસ પર આ ફિલ્મની કુલ કમાણી ૨૮.૭૯ કરોડ રૂપિયા થઈ ગઈ છે. શું તે ટૂંક સમયમાં રૂ. ૫૦ કરોડનો આંકડો પાર કરશે?

### અમિતાભ બચ્ચનની કારકિદીની સૌથી બકવાસ ફિલ્મ

# અમિતાભ બચ્ચનથી આઠ વર્ષ નાની ડિમ્પલ કાપડિયા બની હતી માતા!



આ ફિલ્મ હતી 'મૃત્યુદાતા'

એમાં કોઈ શંકા નથી કે અમિતાભ બચ્ચનના અભિનય કૌશલ્યની સરખામણી થઇ શકે નહીં. અભિનયની બાબતમાં તે એક લિજેન્ડ છે. પરંતુ, ક્યારેક મહાન લોકોથી પણ ભૂલ થઇ જતી હોય છે. આજે જ્યારે અમિતાભ પોતાની કારકિર્દી પર નજર નાખશે તો તેમની ઘણી સફળ અને ઉત્તમ ફિલ્મો જોવા મળશે. આ ઉપરાંત કેટલીક ફિલ્મો એવી હશે જેના વિશે તેઓ વિચારતા હશે કે મેં આવી ફિલ્મો કેમ કરી? અમિતાભ બચ્ચન સદીના મેગાસ્ટાર છે, પરંતુ તેમણે તેમની કારકિદીમાં કેટલીક ફલોપ અને ડિઝાસ્ટર ફિલ્મો પણ આપી છે. આજે આપણે બિગ બીના કરિયરની એવી જ એક ફિલ્મ વિશે વાત કરીશું. જેમાં ડિમ્પલ કાપડિયાએ તેમની પત્નીની ભૂમિકા ભજવી હતી અને તેમના કરતાં ૮ વર્ષ નાની અભિનેત્રી તેમની માતાની ભૂમિકામાં જોવા મળી હતી. કહેવાય છે કે જે સમય સાથે બદલાતો નથી તે સમય સાથે આગળ વધી શકતો નથી. ૧૯૯૭માં રિલીઝ થયેલી અમિતાભની ફિલ્મ પણ તે ફિલ્મોમાંની એક હતી, જેણે અમિતાભ બચ્ચનને અહેસાસ

### ગ્લેમરસ લુકમાં એક્ટ્રેસને નહીં ઓળખી શકો

# સીધી-સાદી દયાબેનનો આ લુક જોઇને તમે થઇ જશો હક્કા-બક્કા


દિશા વાકાણી તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં દયાબેનનો રોલ પ્લે કરીને વર્ષોથી દર્શકોના દિલ પર રાજ કરે છે. દિશા વાકાણીનું પરિચાય વધારે આપવાની જરૂર નથી. કારણકે આ એક્ટ્રેસને બાળકોથી લઈને મોટા એમ દરેક લોકો જાણતા હોય છે. દયાબેનના ડાયલોગ આજે પણ લોકો યાદ કરતા હોય છે. શાનદાર એક્ટિંગથી હંમેશા ફેન્સને હસાવતી દયાબેન આજે પણ લોકોના દિલમાં રાજ કરે છે. પોતાની એક્ટિંગથી લોકોને હસાવવા માટે મજબૂર કરી દેતી હોય છે. આ વચ્ચે દયાબેનના ફેન્સ માટે આજે અમે એક વિડીયો લઈને આવ્યા છીએ જેમાં તમને એમનો ગ્લેમરસ અંદાજ જોઈ શકો છો. વિડીયોમાં એક્ટ્રેસનો ગ્લમેરસ લુક જોઈને તમે પણ વિચારમાં પડી જશો. વિડીયોમાં તમે એક્ટ્રેસનો ગ્લેમરસ લુક જોઈને ઓળખી નહીં શકો કે તારક મહેતામાં સીધી સાદી દેખાતી આ દયાબેન છે. હાલમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની દયાબેનનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં દયાબેને બ્લૂ કલરનું સિમરી ટોપ પહેર્યુ છે અને સાથે શોર્ટ મિની સ્કર્ટ પહેર્યો છે. આ લુકમાં એક્ટ્રેસ બોલ્ડ અંદાજમાં જોવા મળી રહી છે. હંમેશા ગુજરાતી સાડી અને જ્વેલરીમાં સજીધજીને જોવા મળતી દિશા વાકાણીનો આ લુક ફેન્સને હેરાન કરી દે એવો છે. જો કે દિશા વાકાણીનો આ લુક જોઈને પણ બે મિનિટ માટે વિચારમાં પડી જશો. ઉલ્લેખનીય છે કે આ વીડિયો દિશા વાકાણીનો મ્યૂઝિક વીડિયોનો છે.



### આ ફીલ્મ ૧૦ એપ્રિલના રોજ રિલીઝ થશે

# 'બડે મિયાં છોટે મિયાં' માટે અક્ષયે વસૂલી મોટી રકમ

ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'નું જ્યારથી એનાઉસમેન્ટ થયુ છે ત્યારથી કોઈને કોઈ રીતે મુવી હંમેશા ચર્ચામાં રહે છે. આ ફિલ્મનુમ ટ્રેલર રિલીઝ થયા પછી ફેન્સનું એક્સાઈટમેન્ટ વધી ગયુ છે. જેમ-જેમ 'બડે મિયાં છોટે મિયાં'ની રિલીજ ડેટ નજીક આવી રહી છે એમ ફેન્સ મુવી માટે રાહ જોઈ રહ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે આ મુવી બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દેશે. આમ, વાત કરવામાં આવે તો અક્ષય કુમારે ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' ફિલ્મ માટે લગભગ ૮૦ કરોડ રૂપિયા વસુલ્યા છે. આ સાથે ટાઈગર શ્રોફની વાત કરવામાં આવે તો આ એક્ટરે ૨૨ કરોડ રૂપિયા ફી વસુલી છે. ટાઈગર શ્રોફ પહેલી વાર અક્ષય કુમાર સાથે સ્ક્રીન સ્પેસ શેર કરતા નજરે પડે છે. આ ફિલ્મ ક્યારે રિલીઝ થશે એની લોકો રાહ જોઈ રહ્યા છે. ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'માં પૃથ્વીરાજ વિલનના રોલમાં નજરે પડશે. આ ફિલ્મમાં કામ કરવા માટે પૃથ્વીરાજ સુકુમારે ૫ કરોડ રૂપિયા ફી લીધી છે. વાત જ્યારે સોનાક્ષી સિન્હાની કરવામાં આવે તો આ એક્ટ્રેસ ૨ કરોડ રૂપિયા ફી વસુલી છે. સોનાક્ષી સિન્હાની એક્ટિંગ પણ મુવીમાં દમદાર જોવા મળી રહી છે.



# 'પુષ્પા ૨'ના મેકર્સ ફેન્સને મોટી સરપ્રાઇઝ આપવાની તૈયારીમાં

અલ્લુ અર્જૂનની પુષ્પા ધ રાઈઝ ત્યારથી જ લોકો તેની સિક્વલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ વર્ષની મૉસ્ટ અવેટેડ ફિલ્મોમાં પુષ્પા ધ રૂલનું નામ પણ સામેલ છે. સુકુમાર દ્વારા નિર્દેશિત આ ફિલ્મ પર તાજેતરમાં એક મોટું અપડેટ આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેકર્સ આ ફિલ્મનું ટીઝર લોન્ચ કરવાની જોરશોરથી તૈયારી કરી રહ્યા છે. ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ફિલ્મના નિર્માતા અલ્લુ અર્જૂનના જન્મદિવસ પર તેનું ટીઝર લૉન્ચ કરીને ચાહકોને મોટી ભેટ આપી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મનું ટીઝર ૮ એપ્રિલે રિલીઝ થઈ શકે છે. જો કે તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ આ અપડેટે ચોક્કસપણે અલ્લુના ચાહકોને ખૂબ જ ઉત્સાહિત કર્યા છે. ગયા વર્ષે પુષ્પા-૨ ના અલ્લુ અર્જૂનનું ફર્સ્ટ લૂક પોસ્ટર પણ રિલીઝ કરવામાં આવ્યું હતું. આમાં અભિનેતા સાડી પહેરીને જોવા મળ્યો હતો. તેનો ચહેરો વાદળી અને લાલ રંગમાં રંગવામાં આવ્યો હતો. ૨૦૨૧માં રીલિઝ થયેલી પુષ્પાઃ ધ રાઈઝ, સુકુમાર દ્વારા લખવામાં અને નિર્દેશિત કરવામાં આવી હતી. આ વર્ષની મૉસ્ટ અવેટેડ ફિલ્મોમાં પુષ્પા ધ રૂલનું નામ પણ સામેલ છે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ હતી. તે કોરોના સમયગાળા દરમિયાન સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક હતી. પુષ્પા-૨ વિશે વાત કરીએ તો, સમંથા રૂથ પ્રભુ પણ આ ફિલ્મમાં કેમિયો રોલમાં જોવા મળી શકે છે. આ ફિલ્મમાં સંજય દત્તનો પણ ખાસ રોલ હોવાની શક્યતા છે.




અલ્લુ અર્જૂનની પુષ્પા ધ રાઇઝ ત્યારથી જ લોકો તેની સિક્વલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે

# લીમડી કુમારશાળા ખાતે ચુનાવી પાઠશાળાનુ આયોજન કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

આજરોજ ૦૧-૦૪-૨૦૨૪ સોમવારના રોજ લીમડી કુમારશાળા ખાતે ચુનાવી પાઠશાળાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગામ માથી યુવા મતદારો, મહિલાઓ, અગ્રગણ્ય નાગરિકો, શિક્ષકો, ગ્રામ પંચાયતના સભ્યો, તલાટી મંત્રી તેમજ બી.એલ.ઓ હાજર રહેલ હતા.

આ પાઠશાળામા મતદાન કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ મતદાન કરવા માટે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આવનારી લોકસભાની ચૂંટણીમા તમામ મતદારો ફરજીયાત મતદાન કરી પોતાના મતદાન હકનો ઉપયોગ કરી પોતાની રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરે તે અંગે માહિતી આપવામાં આવી હતી. શાળામાં ભણતા બાળકોને પત્રિકાઓ આપી પોત પોતાના વાલીઓ સુધી પહોંચાડે તેમજ મતદાન કરી શકે તેવા દરેક લોકોને મતદાન કરે તે અંગે જાગૃત કરવામાં આવેલ હતા. શાળાના શિક્ષકો તેમજ બી.એલ.ઓ દ્વારા મતદાન જાગૃતિ અંગેના સૂત્રો વાળા પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. આ રીતે ચુનાવી પાઠશાળાના આયોજન દ્વારા ગામમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે લોકોને જાગૃત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

# મીડિયા મોનીટરીંગ સેન્ટરની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે ત્યારે દાહોદ જિલ્લા સેવા સદન ખાતે આવેલી. સ્માર્ટસિટી ગ્રીન બિલ્ડીંગ ખાતે MCMC કંટ્રોલરૂમ શરૂ કરી દેવામાં આવ્યો છે. તૈયાર કરાયેલા મીડિયા મોનીટરીંગ સેન્ટરની જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર યોગેશ નિરગુડે એ મુલાકાત લીધી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે એ મીડિયા મોનીટરીંગ સેંન્ટરમાં ચૂંટણી લક્ષી પ્રદર્શિત કરાયેલી વિગતોને નિહાળીને જરૂરી સૂચનો કર્યા હતા અહીં કાર્યરત કર્મયોગીઓને તેમની જવાબદારીઓ વિશે પૃચ્છા પણ કરી હતી.

આ સાથે જિલ્લા ચુંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડે એ રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી રહેલા કંમ્પલેન રીડ્રેસલ કંટ્રોલ રૂમ અને એક્સપેન્ડિચર મોનિટરીંગ સેલની મુલાકાત પણ લીધી હતી અને અહીંની કામગીરી અને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું અને સંબધિત અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઉત્સવ ગૌતમ, સહિત અધિકારી શ્રીઓ અને કર્મચારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ નગરમાં શીતળા માતાની પૂજા અર્ચના તેમજ ઠંડા ભોજનનો પ્રસાદ આરોગી ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

શ્રાવણ વદ સાતમના દિવસે શીતળા માતાની પૂજા, અર્ચના કરવાનો દિવસ, સાતમના આગલા દિવસે મહિલાઓ સાતમના દિવસની પૂજા કરવા પોતાના ઘરે ભોજન બનાવે છે અને આ ઠંડુ ભોજન શીતળા માતાને સાતમને દિવસે ચઢાવી પૂજા, અર્ચના કરી શીતળા માતાની કથા સાંભળવામાં આવે છે. આ વ્રત બાળકોની રક્ષા તેમજ પરિવારની ઉન્નતિ માટે સૌભાગ્યવતી સ્ત્રીઓ કરતી હોય છે.

ઝાલોદ નગરમાં વર્ષો જુનું પૌરાણિક શીતળા માતાનુ મંદિર આવેલ છે આ મંદિરે હોળી દહન પછી થી ઠંડુ જળ ચઢાવી માતાની પૂજા અર્ચના કરવામાં આવે છે. આજના દિવસે પૂજા અર્ચના કરવા મોટા પ્રમાણમાં મહિલાઓ આવતા લાંબી લાઈન લાગી હતી .ઝાલોદ નગરની મહિલાઓએ શીતળા સાતમના દિવસે માતાને ઠંડુ ભોજન ચઢાવી પૂજા અર્ચના કરી તેમજ કથા સાંભળી હતી.



આજના દિવસે ઘરે ચૂલો સળગાવવામાં આવતો નથી. માતાને જે વાસી ભોજન ચઢાવવામાં આવે છે એ જ ઠંડુ ભોજન પ્રસાદ રૂપે લેવામાં આવે છે. એક માન્યતા મુજબ જે ઘરમાં શીતળા માતાની પૂજા કરવામાં આવે છે એ પરિવારમાં ઓરી, અછબડા જેવી બીમારી થતી નથી તેમજ સાચી લગન અને આસ્થા થી જો આ વ્રત પૂજા કરવામાં આવેં પરિવારમા ગંભીર રોગ હોય તો તેનાથી પણ તેને મુક્તિ મળે છે. આ વ્રત કરવાથી સૌભાગ્યવતી સ્ત્રીઓ ની તમામ મનોકામના પૂરી થાય છે.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગનું ગૌરવ વધારવા બદલ મયુર ડામોરને ખૂબ ખૂબ અભિનંદન

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત ન્યુ પાર્થ નવોદય - એકલવ્ય તાલીમ વર્ગ કાર્યરત છે. છેલ્લા ૧૮ વર્ષથી નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય - નવોદય તાલીમ વર્ગના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાના માર્ગદર્શન થી નવોદય તાલીમ વર્ગમાં તાલીમ મેળવી ડામોર મયુરભાઈ ભરતભાઈ - નાની સંજેલી - તા. સિંગવડ જી. દાહોદ ના નવોદય પરીક્ષામાં મેરીટમાં આવીને પોતાના માતાપિતા, સમાજ અને પોતાની શાળા નું તેમજ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીનું ગૌરવ વધાર્યું છે ત્યારે



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં હતા.

આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ મોરાથી અશ્વિનભાઈ સંગાડા અને સુખસરથી રાજુભાઈ મકવાણાએ પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં. તાલીમ વર્ગમાં તમામ વિદ્યાર્થીઓને મયુરભાઈ ના પિતા શ્રી ભરતભાઈ ડામોર દ્વારા પેંડા આપવામાં આવ્યા હતા અને જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી દિલીપકુમાર મકવાણાએ પેંડા ખવડાવીને મયુરભાઈને શુભેચ્છા પાઠવી હતી.

# ઝી ટીવીના કલાકારો એપ્રિલ ફૂલ્સ ડે વિશે શું કહે છે : એક દિવસનું હાસ્ય અને નિર્દોષ મસ્તી

એપ્રિલ ફૂલ્સ ડે, દર વર્ષે ૧લી એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે, દુનિયાભરમાં ઉજવાતો હળવો અને મસ્તીભર્યો પ્રસંગ છે. વિવિધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક પ્રથાઓમાંથી ઉદ્દભવતા, તે એક એવા દિવસ તરીકે વિકસીત થયો છે, જ્યાં લોકો, મિત્રો, પરિવારજનો અને સહકર્મીઓ પર નિર્દોષ મસ્તી અને મજાકમાં જોડાય છે. આ દિવસ કોઈપણ વ્યક્તિઓ માટે રોજિંદા જીવનની ગંભીરતામાંથી ક્ષણભર છટકીને સહિયારા હાસ્યની ખુશીને સ્વિકારવાની આનંદદાયક ક્ષણ તરીકે સામે આવે છે. ભલે કે એક સરળ જોક હોય કે, વિસ્તૃત ટીખળ હોય, આ દિવસ આનંદ અને તોફાનની ભાવનાને વેગ આપે છે, જે લોકોમાં મસ્તી અને તોફાન એક સાથે લાવે છે. હાસ્યની આ મસ્તીને ઝી ટીવીના કલાકારો – કુંડલી ભાગ્યનો પારસ કાલ્નાવત, પ્યાર કા પહેલા નામ રાધા મોહનની નીહારિકા રોય, ઈક કુડી પંજાબ દીનો અવિનેશ રેખી અને કુમકુમ ભાગ્યનો અબરાર કાઝી એપ્રિલ ફૂલ્સ ડે વિશે તેમના વિચારો જણાવે છે તથા કઈ રીતે તેઓ તેમના મિત્રો અને સહકર્મીઓ સાથે નિર્દોષ મસ્તી કરે છે તો કેવું રહેશે.

પારસ કાલ્નાવત, જે ઝી ટીવીના કુંડલી ભ્ગાયમાં રાજવીનું પાત્ર કરી રહ્યો છે તે કહે છે, “મને તો હંમેશા એક ટિખળી વ્યક્તિનું બિરુદ મળ્યું છે, તો આ દિવસ તો મારા માટે જ છે! એપ્રિલ ફૂલ્સ ડે, એ મારી અંદરના મસ્તીખોરને બહાર લાવવા માટેનો શ્રેષ્ઠ પ્રસંગ છે! બાળપણની મસ્તીથી અત્યાર સુધી, હું હંમેશા મારા નજીકના લોકો પર નિર્દોષ મસ્તી કરીને તેની મજા લઉં છું. એક વખત, મેં કુંડલી ભાગ્યના સેટ પર મારા સહ-કલાકાર પર ખોટી ગરોળી ફેંકી હતી, જેને ગરોળી ખૂબ જ ડર લાગતો હતો. તો પહેલા તો



તે ખૂબ જ ડરી ગઈ અને પછી તે હસવા લાગી અને એ ક્ષણ ખૂબ જ યાદગાર બની ગઈ. આ વર્ષે, મારા સહકર્મીઓ માટે કંઈક તૈયારી કરી રહ્યો છું. કેમકે, હાસ્ય તો સૌથી શ્રેષ્ઠ દવા છે, બરોબરને?

નીહારિકા રોય, જે ઝી ટીવીના પ્યાર કા પહેલા નામ રાધા મોહનમાં રાધાનું પાત્ર કરતી જોવા મળે છે તે કહે છે, “મારા માટે એપ્રિલ ફૂલ્સ ડે એટલે મારા માટે અંગત મસ્તી અને તોફાનનું મેદાન છે. હું હંમેશા મારા રાધા મોહનની ટીમના સભ્યો અને મિત્રો પર કેટલીક મસ્તી કરતી જ રહું છું. તાજેતરમાં જ હોળીની ઉજવણી દરમિયાન, મેં છૂપાઈને તેમની પર રંગ નાખીને બધાની સાથે મસ્તી કરી હતી. સેટ પર અમે ખૂબ જ મસ્તી મજાક કરીને વાતવરણને મસ્તીભર્યું બનાવીએ છીએ. આ એપ્રિલ ફૂલ્સના દિવસે, હું માનિત અને શબ્બિરની સાથે હળવી મસ્તી કરવા તૈયાર છું. બધા જ મસ્તીખોરને હું એટલું જ કહીશ કે, જોક્સના નામે ક્યારેય કોઈની લાગણીના દુભાવતા.”

# ગાજિયાબાદ ખાતે ૪૨મી સબ જુનિયર નેશનલ ટુર્નામેન્ટ શૂટિંગ બોલ ચેમ્પિયનશિપ યુપી ખાતે યોજાઇ



। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧ ।

ગાજિયાબાદ ખાતે ૪૨મી સબ જુનિયર નેશનલ ટુર્નામેન્ટ શૂટિંગ બોલ ચેમ્પિયનશિપ ૨૦૨૩ -૨૪ યુપી ખાતે યોજાઈ હતી જેમાં કુલ ૨૬ રાજ્યોએ ભાગ લીધો હતો જેમાં સબ જુનિયર કેટેગરીમાં ઈતિહાસમાં પ્રથમ વખત ગુજરાતની ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. મહીસાગર જિલ્લામાંથી ગુજરાતની સિલેક્શન ટુર્નામેન્ટ ૩૬ જિલ્લામાંથી મહીસાગર જીલ્લો વિજેતા બનેલ હતો જેમાં ટ્રાયબલ તાલુકા ગુજરાત ટીમ સિલેક્શનમાં એક જ ઘટના બે ખેલાડીઓ (૧) મહાવીર સિંહ સુરપાલસિંહ પુવાર તેમજ (૨) માધવસિંહ સુરપાલસિંહ પુવાર જેઓ ત્રીજા નંબરે વિજેતા બની સમાજનું ગામનું તેમજ શાળાનું નામ રોશન કરેલ છે.

# રેલવે સંરક્ષામાં ઉત્કૃષ્ટ કાર્ય માટે અમદાવાદ ડિવિઝનના બે રેલવે કર્મચારીઓ સન્માનિત



। અમદાવાદ, તા.૧ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ ડિવિઝનના ૦૨ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન ઓપરેશનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કર્યા હતા. ફેબ્રુઆરી-૨૦૨૪ના મહિનામાં રેલ્વે સંરક્ષામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ ટ્રાફિક વિભાગના કર્મચારીઓને આ એવોર્ડ આપવામાં આવ્યો છે. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સિનિયર ડિવિઝનલ સંરક્ષા અધિકારી શ્રી ઉમેશ પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું હતું કે શ્રી રાકેશ કુમાર, ટ્રેન મેનેજર-ગાંધીધામ અને શ્રી લોકેશ કુમાર મીના, ટ્રેન મેનેજર ગાંધીધામનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. સન્માનિત કર્મચારીઓએ રેલ સંરક્ષામાં ખામીઓ જેમ કે એક્સેલ બોક્સમાં બોલ્ટ ગાયબ થવા અને



PU પ્લેટ ડેન્જર સ્થિતિમાં મળી આવવા વગેરે જેવી ખામીઓ ધ્યાનમાં આવતાં તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરીને અણધારી ઘટના અને સંભવિત નુકસાનથી બચાવ્યા છે.

ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માએ આ સતર્ક સંરક્ષા રેલ પ્રહરીને પ્રોત્સાહિત કર્યા. અને જણાવ્યું હતું કે યાત્રીઓની સંરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને તકેદારી સાથે કામ કરે છે ત્યારે તે અમને સેઈફ ટ્રેન વર્કિંગમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

# હવે GST અધિકારીઓ મોટી કંપનીઓની તપાસ નહીં કરી શકે

। નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્ર સરકારના પરોક્ષ કર અને કસ્ટમ્સ બોર્ડ (CBIC) વિભાગ દ્વારા મોટા ઉદ્યોગો અને મોટી બહુરાષ્ટ્રીય કંપનીના હિતમાં મોટો નિર્ણય લીધો છે. સીબીઆઈસીએ કેન્દ્રીય જીએસટી (CGST) માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે, તેમાં જણાવાયું છે કે, હવે જીએસટીના પ્રાદેશિક અધિકારીઓએ આવા ઉદ્યોગ કે કંપનીઓમાં તપાસ શરૂ કરતા પહેલા અને પ્રથમવાર માલ/સેવા પરની ડ્યૂટી લાદતા પહેલા રાજ્યના પ્રિન્સિપલ કમિશનરોની મંજૂરી લેવી પડશે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અસુરક્ષિતતા/ દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં. તમારા પ્રેમને કોઈ અલગ નહીં કરી શકે. સાતત્યપૂર્વક તમે કરેલી સખત મહેનત આજે તમને સારો ફાયદો આપશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ડૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે. એકમેક માટે જીવન ઓછું તકલીફદાયક બનાવવા સિવાય જીવવાનો અર્થ શો છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો. તમારો આત્મવિશ્વાસ વધી રહ્યો છે તથા તમારો વિકાસ સ્પષ્ટ છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે. છૂટક તથા જથ્થાબંધ વેપારીઓ માટે સારો દિવસ.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ?યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે લાગણીની દષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો-આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે. દિવસના ઉત્તરાર્ધમાં તમે આરામ મહેસૂસ કરશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થયી શકે છે. કામ તથા જીવન તરફના તમારા અભિગમમાં વિદ્વાન તથા સંપૂર્ણતાના આગ્રહી બનો. સારાં માનવી મૂલ્યો તથા ઉષ્માસભર હૃદય સાથે અન્યોનું માર્ગદર્શન કરવાની તથા મદદ કરવાનો સહજ ઉમળકો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રબુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ સુધારવા માટે ગંભીર પ્રયાસ હાથ ધરો. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. તમને એકલવાયું લાગે ત્યારે તમારા પરિવારની મદદ લો. એ તમને હતાશાથી બચાવશે. વળી, એ તમને સમજદારીભર્યા નિર્ણયો લેવામાં પણ મદદ કરશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

### નવી ડિજિટલ ઈમિગ્રેશન સિસ્ટમ આવશે

# UKમાં ૨૦૨૫થી બાયોમેટ્રિક રેસિડન્સ પરમિટની જગ્યાએ eVisa આવી જશે

**। (એજન્સી) લંડન, તા.૧ ।**

યુરોપના સૌથી પાવરફૂલ દેશ યુકેની ઈમિગ્રેશન સિસ્ટમમાં મોટા ફેરફાર થઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૫થી યુકેમાં બાયોમેટ્રિક રેસિડન્સ પરમિટની જગ્યાએ **eVisa** આવી જવાના છે. જે વિદેશી સ્ટુડન્ટ કે સ્કીલ્ડ વર્કરની બાયોમેટ્રિક રેસિડન્સ પરમિટ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ એક્સપાયર થઈ રહી છે તેમણે **eVisa** સિસ્ટમમાં જવું પડશે. તેનું કારણ એ છે કે યુકે સરકાર એક સંપૂર્ણપણે નવી ડિજિટલ ઈમિગ્રેશન સિસ્ટમ લાવવા પર કામ કરી રહી છે. તેના કારણે બીઆરપી (બાયોમેટ્રિક રેસિડન્સ પરમિટ) જેવા પેપર ડોક્યુમેન્ટની કોઈ જરૂર નહીં રહે. હવેથી આખો રેકોર્ડ ઈલેક્ટ્રોનિકલી રાખવામાં આવશે. યુકેમાં વિઝા ઈશ્યૂ કરવાનું કામ **UKVI** એટલે કે યુકે વિઝા એન્ડ ઈમિગ્રેશન વિભાગ દ્વારા કરવામાં આવે છે. તે એક ડિજિટલ ઈમિગ્રેશન સિસ્ટમ વિકસાવવા પર કામ કરે છે જેમાં પાસપોર્ટથી લઈને તમામ માહિતી ઓનલાઈન રેકોર્ડ પર રાખવામાં આવશે. ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી જ મોટા ભાગે ફિઝિકલ ડોક્યુમેન્ટ ઈશ્યૂ થવાનું બંધ થઈ જશે. **eVisa** તમારા ઈમિગ્રેશન સ્ટેટસનો ઓનલાઈન રેકોર્ડ છે અને તમે યુકેમાં કયા ધોરણો હેઠળ રહી શકો તે જણાવવામાં આવે છે. ઈવિઝાને એક્સેસ કરવા માટે તમારે **UKVI** એકાઉન્ટમાં રજિસ્ટર થવું પડે. તમારે પાસપોર્ટ પર જે સ્ટેમ્પ અને સ્ટીકર લગાવવા પડે છે તેની જગ્યાએ ઈ વિઝા આવી જશે. તમે **eVisa** પર તમારા ફિઝિકલ ડોક્યુમેન્ટને અપડેટ કરો તેનાથી ઈમિગ્રેશન સ્ટેટસ અથવા યુકેમાં રહેવાની તમારી પરમિટને કોઈ અસર નહીં થાય. તમે ઈવિઝાની મદદથી યુકેમાં ટ્રાવેલ કરી શકશો. તેમાં કોઈ ફિઝિકલ ડોક્યુમેન્ટ રાખવાની જરૂર નહીં પડે. માત્ર હાલનો પાસપોર્ટ તમારી સાથે રાખવો પડશે. તમારે ૨૦૨૪ના અંત સુધી ફિઝિકલ ડોક્યુમેન્ટને તમારી સાથે રાખવા પડશે. એક વર્ષ પછી યુકેના સ્ટુડન્ટ વિઝા, ગ્રેજ્યુએટ વિઝા, ફેમિલી અથવા ડિપેન્ડન્ટ વિઝા, યુકે વર્ક વિઝા ધરાવતા લોકો માટે ઈવિઝા ફરજિયાત બની જશે. તેમાં હેલ્થ એન્ડ કેર વિઝા સહિત સ્કીલ્ડ વર્કર વિઝા પણ સામેલ છે. યુકે પોતાને ત્યાં આવતાં લોકોની સંખ્યા ઘટાડવા માટે પ્રયાસ કરે છે જેમાં સ્કીલ્ડ વર્કર્સ માટે પગારના ધોરણ નક્કી કરવામાં આવ્યા છે.

### સરકારના એક નિર્ણયથી ખળભળાટ મચ્યો

# આર્જેન્ટિનામાં એક સાથે ૭૦ હજાર કર્મચારીઓની છટણી

**। (એજન્સી) આર્જેન્ટિના, તા.૧ ।**

આર્થિક સંકટો સામે ઝઝૂમી રહેલા આર્જેન્ટિનામાં સરકારી કર્મચારીઓને મોટો ઝટકો મળવાનો છે. આર્જેન્ટિનામાં મોટા પાયે છટણી થવા જઈ રહી છે. એક સાથે ૭૦૦૦૦ કર્મચારીઓની નોકરી જશે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી દેશની અર્થવ્યવસ્થા પર વધતા બોજને ઓછો કરવા માટે મોટું પગલું ભરવા જઈ રહ્યા છે. આવનારા કેટલાક મહિનામાં આર્જેન્ટિનામાં ૭૦ હજાર લોકોની નોકરીઓ જશે. બ્લુમબર્ગના એક રિપોર્ટ મુજબ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી આવનારા કેટલાક મહિનામાં દેશભરમાં ૭૦૦૦૦ થી વધુ સરકારી કર્મચારીઓની છટણી કરવાના છે. અત્રે જણાવવાનું કે આર્જેન્ટિના લાંબા સમયથી આર્થિક તંગીનો સામનો કરી રહ્યું છે. અર્થવ્યવસ્થા ભારે દબાણ હેઠળ છે. આવામાં દેશની ઈકોનોમી પરથી દબાણ ઓછું કરવા માટે સરકારે છટણીનો નિર્ણય લીધો છે. રિપોર્ટ મુજબ આર્જેન્ટિનામાં ૩૫ લાખથી વધુ સરકારી કર્મચારીઓ છે. આવામાં સરકારને આશા છે કે ૭૦ હજાર કર્મચારીઓની છટણીથી મોટી અસર નહીં પડે. એવું માનવામાં આવી રહ્યું છેકે સરકાર ૧૫ ટકા જેટલા કર્મચારીઓની કોન્ટ્રાક્ટ રિન્યૂ કરશે નહીં. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલીએ કહ્યું કે છેલ્લા કેટલાક સમયમાં દેશ અને દુનિયામાં મોટા પાયે છટણી થઈ રહી છે. સરકાર પબ્લિક સેક્ટરમાં કામ કરતા ૭૦ હજાર કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરશે. જોકે આવું પહેલીવાર નથી બન્યું. સરકાર અગાઉ ૫૦,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી ચૂકી છે. રિપોર્ટ મુજબ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં આ કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરી દેવાની વાત કહેવાઈ હતી.

અત્રે જણાવવાનું કે આર્જેન્ટિના ભારે આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. મોંઘવારી દર ૧૦૪ ટકા પાર થઈ ચૂક્યો છે. બંપર મોંઘવારીએ આર્જેન્ટિનાને ભારે ગરીબીમાં ધકેલી દીધુ છે. ૧૯૦૦ના દાયકાનો અમીર દેશ આજે ભીખારી જેવી સ્થિતિમાં છે.

### કોંગ્રેસ પર હવે જયશંકરે કર્યા આકરા પ્રહાર

# જનતાને કચ્ચાતીવુ કરાર વિશે જાણવાનો અધિકાર છે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કચ્ચાતીવુ ટાપુને લઈને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. આ બાદથી જ દરેક લોકો આ ટાપુ વિશે વાત કરી રહ્યા છે. આ બધાની વચ્ચે તમીલનાડુંના આ ટાપુને લઈને રાજનીતિ તેજ થઈ ગઈ છે. સોમવારે વિદેશ મંત્રી એસ જયશંકરે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે જનતાને જાણવાનો અધિકાર છે કે કચ્ચાતીવુ પર શું થયું?

જયશંકરે કહ્યું કે ૧૯૭૪માં ભારત અને શ્રીલંકાએ એક દરિયાઈ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં શ્રીલંકાને કચ્ચાતીવુ આપવામાં આવ્યું હતું. આ કરાર હેઠળ ભારતીય માછીમારો કચ્ચાતીવુ જઈ શકશે અને આ માટે કોઈ દસ્તાવેજોની જરૂર પડશે નહીં. તત્કાલિન વિદેશ મંત્રીએ સંસદમાં કહ્યું હતું કે કરાર હેઠળ ભારતીય માછીમારો આ ટાપુની મુલાકાત લઈ શકશે અને આસપાસના દરિયાઈ પાણીમાં અવરજવર શક્ય બનશે. બે વર્ષ પછી કરારમાં, તે ટાપુ અને તેની આસપાસના વિસ્તારો પરના અધિકારો ભારત અને તેના માછીમારો પાસેથી છીનવી લેવામાં આવ્યા હતા. વિદેશ મંત્રીએ કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં કચ્ચાતીવુ ટાપુ અને માછીમારોનો મુદ્દો સંસદમાં વિવિધ પક્ષો દ્વારા વારંવાર ઉઠાવવામાં આવ્યો છે અને તમિલનાડુના મુખ્યમંત્રીએ આ મુદ્દો મારી સાથે ઘણી વખત ઉઠાવ્યો છે. મેં પોતે ૨૧ વાર પત્રો દ્વારા તેનો જવાબ આપ્યો છે. ત્યારે હવે આ ટાપુનું શું થયુ તેને લઈને જનતા પણ જાણવા માંગે છે અને તે તેમનો અધિકાર છે. જયશંકરે કહ્યું કે અમે માનીએ છીએ કે જનતાને એ જાણવાનો અધિકાર છે કે આ સમજૂતી કેવી રીતે થઈ. શ્રીલંકાને આ કેવી રીતે આપવામાં આવ્યું? અમે જાણીએ છીએ કે ત્યાં બે કરાર છે. અમે જાણીએ છીએ કે આ કોણે કર્યું છે પરંતુ અમને ખબર નથી કે જનતાથી શું છુપાવવામાં આવ્યું હતું, જનતાને આ જાણવાનો અધિકાર છે. તેમણે કહ્યું કે ભારત દાવો કરે છે કે આ ટાપુઓ રાજા રામનાથપુરમની જમીનદારીનો ભાગ છે, જે પાછળથી મદ્રાસ પ્રેસિડેન્સીમાં ગયા હતા. અમારા કસ્ટમ વિભાગના લોકો લાંબા સમય સુધી ટાપુની મુલાકાત લેતા રહ્યા. વિદેશ મંત્રીએ કહ્યું કે આ એક જીવંત મુદ્દો છે જેના પર સંસદ અને તમિલનાડુ વર્તુળોમાં ઘણી ચર્ચા થઈ છે. આ બાબત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેની છે. છેલ્લા ૨૦ વર્ષમાં શ્રીલંકા દ્વારા ૬૧૮૪ ભારતીય માછીમારોની અટકાયત કરવામાં આવી છે અને તે જ સમયગાળામાં શ્રીલંકા દ્વારા ૧૧૭૫ ભારતીય માછીમારી બોટ જપ્ત કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે પીએમ મોદીએ કચ્ચાતીવુ મુદ્દે ડીએમકે અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

# રાશન કાર્ડ પર મફતમાં મળશે બ્રાન્ડેડ દારુ, ઉમેદવારે જનતાને આપ્યું વચન

**। (એજન્સી) મુંબઈ, તા.૧ ।**

મહારાષ્ટ્રના ચંદ્રપુર લોકસભા સીટ પરથી ચૂંટણી મેદાનમાં ઉતરેલી એક મહિલા ઉમેદવાર વનિતા રાઉત હાલમાં ખૂબ જ ચર્ચામાં છે. હકીકતમાં જોઈએ તો, તેમણે ચૂંટણીમાં વચન આપ્યું છે, જે બાકીના ઉમેદવારોથી કંઈક અલગ છે. આવું ચોંકાવનારો વાયદો ભાગ્યે જ સાંભળ્યો હશે. તેમણે લોકોને મફતમાં દારુ આપવાનું વચન આપ્યું છે. અખિલ ભારતીય માનવતા પાટીની વનિતા રાઉતને પેનની નીપ ચૂંટણી ચિન્હ મળ્યું છે. તેઓ પોતાના ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. વનિતા રાઉતે કહ્યું કે, જો તેઓ સાંસદ બન્યા તો, સાંસદ નિધિમાંથી તેઓ રાશન કાર્ડ પર જેમ રાશન મળે છે, તેવી જ રીતે ઉંચ્ચ ક્વાલિટીની વિસ્કી અને બિયર પણ ગરીબોને આપવામાં આવશે. સાથે જ બેરોજગાર યુવકોને દારુની દુકાનો ખોલીને આપશે. વનિતાનું કહેવું છે કે, ગરીબ લોકોને મોંઘા દારુ પીવા મળતા નથી. તેઓ દેશી દારુ પીને જયાંને ત્યાં પડી રહેતા હોય છે. એટલા માટે સસ્તા ભાવે સારો દારુ આપીને તેમને ખુશ જોવા માગે છે. આજે લોકો બેફામ દારુ પીવે છે. જેનાથી તેમના ઘર બર્બાદ થઈ રહ્યા છે. જો પીવાવાળા પાસે પીવાનું લાયસન્સ હશે તો તે લિમિટમાં દારુ પીશે અને ઘર પણ બરબાદ થશે નહીં. પહેલા પણ ચૂંટણી લડી ચુકી છે વનિતા વનિતા રાઉતે પહેલી વાર આ ચૂંટણીમાં ઊભી રહી છે.

# રામ જ્યારે સત્ય માટે લડ્યા ત્યારે તેમની પાસે પણ સત્તા નહોતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા, કેન્દ્ર વિરુદ્ધ ઈન્ડિયા ગઠબંધને રવિવારે (૩૧ માર્ચ) દિલ્હીના રામલીલા મેદાનમાં રેલી યોજી હતી. આમાં કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ભગવાન રામના જીવનનો ઉલ્લેખ કરતા ભાજપની આગેવાની હેઠળની કેન્દ્રની મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે જ્યારે ભગવાન રામ સત્ય માટે લડ્યા ત્યારે તેમની પાસે સત્તા નહોતી. તમને જણાવી દઈએ કે ઈન્ડિયા એલાયન્સે આ ઈવેન્ટને લોકતંત્ર બચાવો રેલી નામ આપ્યું છે. પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, "ઈન્ડિયા એલાયન્સ વતી મને ઈન્ડિયા એલાયન્સની પાંચ મુદ્દાની માંગણીઓ વાંચવા માટે કહેવામાં આવ્યું છે. હું શરૂ કરું તે પહેલાં, હું તમને એક નાની વાત કહેવા માંગુ છું. જુઓ, આ દિલ્હીવાસીઓ જાણે છે કે આ છે દિલ્હીનું પ્રખ્યાત રામલીલા મેદાન. હું નાનપણથી અહીં આવું છું, દર વર્ષે દશેરાના દિવસે આ જ મેદાનમાં રાવણના પૂતળાનું દહન કરવામાં આવે છે. જ્યારે હું નાની હતી.

### ૧૦ વર્ષ સુધી કોઈ પદ નહીં ભોગવી શકે

# ઈમરાનખાનની સજા માફ કરવા સાથે આકરો દંડ ફટકારાયો

## તોશાખાના કેસમાં ઈમરાન ખાન અને તેની પત્ની બુશરા બીબીને ૧૪ વર્ષની જેલની સજા કોર્ટે સંભળાવી હતી

**। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧ ।**

પાકિસ્તાનમાં ચર્ચાસ્પદ તોશાખાના કેસમાં ૧૪ વર્ષની સજા ભોગવી રહેલા પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાનખાનને આજે ઈસ્લામાબાદ હાઈકોર્ટે મોટી રાહત આપી છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે ઈમરાન ખાન અને તેની પત્ની બુશરા બીબીને આપવામાં આવેલી ૧૪ વર્ષની સજાને સ્થગિત કરી દીધી છે. કોર્ટના આદેશને કારણે ઈમરાન ખાન સજામાંથી તો બચી ગયો છે, પરંતુ તે અને તેની પત્ની બુશરા આગામી ૧૦ વર્ષ સુધી કોઈ જાહેર પદ પર રહી શકશે નહીં.



ઈસ્લામાબાદ હાઈકોર્ટે આજે સોમવારે તોશાખાના કેસમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને આપવામાં આવેલી ૧૪ વર્ષની સજાને સ્થગિત કરી દીધી છે. સામાન્ય ચૂંટણી પહેલા પાકિસ્તાનની નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો કોર્ટે બંનેને આ સજા સંભળાવી હતી. માત્ર એક દિવસ પછી, બંનેને લગ્ન સંબંધિત કેસમાં અલગથી સાત વર્ષની વધારાની કેદની સજા ફટકારવામાં આવી હતી.

અગાઉ, સત્તાવાર રહસ્યોને લગતા પાકિસ્તાનના અધિનિયમ હેઠળ સ્થપાયેલી વિશેષ અદાલતે પણ ઈમરાન ખાન અને તેમની સરકારના તત્કાલિન વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશીને સરકારના રહસ્યોના ઉલ્લંઘન બદલ ૧૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. ત્યારપછી, ડિસેમ્બરમાં, નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો જેને ટુંકમાં NABએ કહે છે તે કોર્ટે એ સાઉદી ક્રાઉન પ્રિન્સ પાસેથી મળેલા મૂલ્યવાન જ્વેલરી સેટ પોતાની પાસે રાખી મુકવા અંગે વિશેષ કોર્ટે સજા પણ સંભળાવી હતી

ઈસ્લામાબાદની નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરોએ ઈમરાન અને તેની પત્ની બુશરાબીબીને દોષિત ઠેરવ્યા હતા. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે પીએમ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, ઈમરાનખાન અને તેમની પત્નીએ વિવિધ રાજ્યના વડાઓ અને વિદેશી મહાનુભાવો પાસેથી ૧૦૮ ભેટો મેળવી હતી. કોર્ટના ચુકાદા અનુસાર, ઈમરાન ખાન અને તેની પત્ની ૧૦ વર્ષ સુધી કોઈ જાહેર પદ પર રહી શકશે નહીં અને બંનેને ૭૮૭ મિલિયન પાકિસ્તાની રૂપિયાનો દંડ પણ અલગથી ચૂકવવો પડશે. ઈસ્લામાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આમર ફારુકે કહ્યું કે સજા સામેની અપીલ પર સુનાવણી ઈદની રજાઓ પછી નક્કી કરવામાં આવશે.

### વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં તેજી

# સોનાના ભાવમાં રેકોર્ડબ્રેક તેજી, દસ ગ્રામનો ભાવ ૭૧,૦૦૦ ને પાર



**। (એજન્સી) મુંબઈ, તા.૧ ।**

સૌથી મહત્વપૂર્ણ કિંમતી ધાતુઓમાં ગણવામાં આવતા સોનાના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જબરદસ્ત તેજી વચ્ચે સોનાએ નવા ઈતિહાસ સાથે નવા નાણાકીય વર્ષની શરૂઆત કરી છે. ૧ એપ્રિલના રોજ, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ જીવનકાળના નવા ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. અમદાવાદમાં સોનાનો ભાવ ૭૧,૨૦૦ રૂપિયા બોલાયો છે. આ ભાવ દસ ગ્રામ અને ૨૪ કેરેટનો છે. સોમવારે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ દિવસે, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત ૨,૨૬૩.૫૩ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી હતી. આજે સોનાની શરૂઆત લગભગ ઈં૨,૨૩૩ પ્રતિ ઔંસથી થઈ હતી, પરંતુ થોડા જ સમયમાં ભાવ તેમના નવા રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં આવેલી આ જબરદસ્ત તેજીની અસર સ્થાનિક બજારમાં પણ જોવા મળી રહી છે. આજે ખુલતાની સાથે જ એમસીએક્સ પર સોનાની કિંમત વધી રહી હતી અને ટ્રેડિંગના ટૂંકા ગાળામાં જ તે નવા રેકોર્ડ સ્તરને સ્પર્શી ગયો હતો. ઈન્ટ્રાડેમાં, એમસીએક્સ પર એપ્રિલ ગોલ્ડ કોન્ટ્રાક્ટ રૂ. ૬૯,૪૮૭ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે પહોંચ્યો હતો, જે અત્યાર સુધીના ઈતિહાસમાં સોનાનું સર્વોચ્ચ સ્તર છે. તે જ સમયે, જૂન કોન્ટ્રાક્ટની કિંમત વધીને ૬૮,૭૧૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. સોનાના ભાવમાં વર્તમાન વધારો આકસ્મિક નથી. હકીકતમાં, સોનું પરંપરાગત રીતે રોકાણકારોનું પ્રિય સાધન રહ્યું છે. જ્યારે અનિશ્ચિતતા વધે છે ત્યારે સોનાની માંગ વધે છે. વિશ્વભરના રોકાણકારો પીળી ધાતુને સૌથી સુરક્ષિત રોકાણ માને છે. આ કારણે જ્યારે પણ વધતા જિયોપોલિટિકલ ટેન્શન કે અન્ય કારણોસર આર્થિક પરિસ્થિતિ અનિશ્ચિત બને છે ત્યારે રોકાણકારો સોના પાછળ દોડવા લાગે છે. ભૌગોલિક રાજકીય તણાવ અત્યારે ખૂબ જ વધારે છે. પૂર્વ યુરોપમાં રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના ઉકેલના કોઈ સંકેતો નથી. ઈઝરાયેલ પર હમાસના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સતત તણાવ વધી રહ્યો છે. આ બધાની વચ્ચે યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના સંકેતોથી પણ સોનાના ભાવને ટેકો મળ્યો છે. ફેડરલ રિઝર્વે આ વર્ષે વ્યાજદરમાં ત્રણ ઘટાડાનો સંકેત આપ્યો છે. ઓછા વ્યાજદરને કારણે બોન્ડ યીલ્ડમાં ઘટાડો થાય છે, જેના કારણે રોકાણકારો વિકલ્પો શોધવાનું શરૂ કરે છે. સામાન્ય રીતે સૂવાથી તેનો સૌથી વધુ ફાયદો થાય છે.

## વિશેષ

### આરબીઆઈ આપણાં દેશનાં વિકાસનાં માર્ગને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે”

# પ્રધાનમંત્રીએ RBI@90 ઉદ્‌ઘાટન સમારંભમાં સંબોધન કર્યું

## “આરબીઆઈએ આઝાદી પહેલાના અને પછીના બંને યુગના સાક્ષી બન્યા છે અને તેની વ્યાવસાયિકતા અને પ્રતિબદ્ધતાના આધારે વિશ્વભરમાં એક ઓળખ ઉભી કરી છે”

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે મહારાષ્ટ્રનાં મુંબઈમાં ભારતીય રિઝર્વ બેંકનાં ૯૦ વર્ષ પૂર્ણ થવાનાં પ્રસંગે આયોજિત ઈર્ૈંજ૯૦ ઉદ્‌ઘાટન સમારંભમાં સંબોધન કર્યું હતું. શ્રી મોદીએ આરબીઆઈના ૯૦મા વર્ષની ઉજવણી નિમિત્તે સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) એ ૧૯૩૫માં ૧લી એપ્રિલથી તેની કામગીરી શરૂ કરી હતી અને આજે ૯૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આજે અસ્તિત્વનાં ૯૦ વર્ષ પૂર્ણ કરીને ઐતિહાસિક સીમાચિહ્ન પર પહોંચી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આરબીઆઈએ આઝાદી અગાઉનાં અને આઝાદી પછીનાં એમ બંને યુગો જોયા છે તથા તેણે પોતાની વ્યાવસાયિકતા અને કટિબદ્ધતાનાં આધારે સમગ્ર વિશ્વમાં એક ઓળખ ઊભી કરી છે. પ્રધાનમંત્રીએ આરબીઆઈના ૯૦ વર્ષ પૂર્ણ થવા પર તમામ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. આરબીઆઈના વર્તમાન સ્ટાફને નસીબદાર ગણાવતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે તૈયાર કરવામાં આવેલી નીતિઓ આરબીઆઈના આગામી દાયકાને આકાર આપશે અને તેમણે વધુમાં કહ્યું કે, આગામી ૧૦ વર્ષ આરબીઆઈને તેના શતાબ્દી વર્ષ સુધી લઈ જશે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, “આગામી દાયકો વિકસિત ભારતના સંકલ્પો માટે અત્યંત મહત્વપૂર્ણ છે.” તેમણે ઝડપી વૃદ્ધિ અને વિશ્વાસ અને સ્થિરતા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આરબીઆઈની પ્રાથમિકતા પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ તેનાં લક્ષ્યાંકો અને ઠરાવો પૂર્ણ કરવા માટે શુભેચ્છા પણ પાઠવી હતી. દેશની જીડીપી અને અર્થવ્યવસ્થામાં નાણાકીય અને રાજકોષીય નીતિઓના સમન્વયના મહત્વ પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૧૪માં આરબીઆઈની ૮૦મી વર્ષગાંઠની ઉજવણીને યાદ કરી હતી તથા તે સમયે દેશની બેંકિંગ વ્યવસ્થામાં એનપીએ અને સ્થિરતા જેવા પડકારો અને સમસ્યાઓને યાદ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ત્યાંથી શરૂ કરીને આજે આપણે એવા તબક્કે પહોંચી ગયા છીએ કે, જ્યાં ભારતીય બેંકિંગ પ્રણાલીને વિશ્વની એક મજબૂત અને ટકાઉ બેંકિંગ સિસ્ટમ તરીકે જોવામાં આવી રહી છે, કારણ કે તે સમયની નજીકની મૃતપ્રાય બેંકિંગ સિસ્ટમ હવે નફામાં છે અને રેકોર્ડ ક્રેડિટ બતાવી રહી છે.

પ્રધાનમંત્રીએ આ પરિવર્તન માટે નીતિ, ઈરાદાઓ અને નિર્ણયોની સ્પષ્ટતાનો શ્રેય આપ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, “જ્યાં ઈરાદાઓ યોગ્ય છે, ત્યાં પરિણામો પણ સાચા જ હોય છે.” સુધારાઓના વ્યાપક સ્વરૂપ પર બોલતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારે માન્યતા, ઠરાવ અને પુનઃમૂડીકરણની વ્યૂહરચના પર કામ કર્યું છે. શાસન સંબંધિત ઘણા સુધારાઓની સાથે જાહેર ક્ષેત્રની બેંકોને મદદ કરવા માટે ૩.૫ લાખ કરોડની મૂડી ઉમેરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ ધ્યાન દોર્યું હતું કે, ફક્ત ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સીથી રૂ. ૩.૨૫ લાખ સુધીની લોનનું સમાધાન થયું છે. તેમણે દેશને એવી પણ માહિતી આપી હતી કે આઈબીસી હેઠળ પ્રવેશ પહેલાં જ રૂ.૯ લાખ કરોડથી વધુના મૂળભૂત ડિફોલ્ટ્સ ધરાવતી ૨૭,૦૦૦થી વધુ અરજીઓનો ઉકેલ આવી ગયો હતો. ૨૦૧૮માં બેંકોની ગ્રોસ એનપીએ જે ૧૧.૨૫ ટકા હતી તે સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં ઘટીને ૩ ટકાથી નીચે આવી ગઈ છે. તેમણે કહ્યું કે ટ્વીન બેલેન્સશીટની સમસ્યા ભૂતકાળની સમસ્યા છે. પીએમ મોદીએ આ પરિવર્તનમાં આરબીઆઈના યોગદાન બદલ પ્રશંસા કરી. પ્રધાનમંત્રી મોદીએ ધ્યાન દોર્યું હતું કે આરબીઆઈ સાથે સંબંધિત ચર્ચાઓ ઘણીવાર નાણાકીય વ્યાખ્યાઓ અને જટિલ પરિભાષાઓ સુધી મર્યાદિત હોવા છતાં, આરબીઆઈમાં હાથ ધરવામાં આવેલું કાર્ય સામાન્ય નાગરિકોના જીવન પર સીધી અસર કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, છેલ્લાં ૧૦ વર્ષમાં સરકારે કેન્દ્રીય બેંકો, બેંકિંગ વ્યવસ્થાઓ અને લાભાર્થીઓ વચ્ચેનાં જોડાણ પર પ્રકાશ પાડ્યો છે તથા ગરીબોનાં નાણાકીય સર્વસમાવેશકતાનું ઉદાહરણ આપ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે, દેશમાં ૫૨ કરોડ જન ધન ખાતાઓમાંથી ૫૫ ટકા ખાતાઓ મહિલાઓનાં છે. તેમણે કૃષિ અને મત્સ્યપાલન ક્ષેત્રમાં નાણાકીય સર્વસમાવેશકતાની અસરનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં ૭ કરોડથી વધારે ખેડૂતો, માછીમારો અને પશુપાલકોને પ્રધાનમંત્રી કિસાન ક્રેડિટ કાર્ડ સુલભ કરાવવામાં આવ્યાં છે, જે ગ્રામીણ અર્થતંત્રને નોંધપાત્ર વેગ પ્રદાન કરે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં સહકારી ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનાં સંદર્ભમાં પ્રધાનમંત્રીએ સહકારી બેંકોનાં સંબંધમાં ભારતીય રિઝર્વ બેંકનાં નિયમોનાં મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે યુપીઆઈ મારફતે માસિક ૧૨૦૦ કરોડથી વધુના વ્યવહારોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જે તેને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત પ્લેટફોર્મ બનાવે છે. પ્રધાનમંત્રીએ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી પર થઈ રહેલી કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, છેલ્લાં ૧૦ વર્ષમાં થયેલા પરિવર્તનને કારણે નવી બેંકિંગ વ્યવસ્થા, અર્થતંત્ર અને મુદ્રા અનુભવના નિર્માણને સક્ષમ બનાવે છે. પ્રધાનમંત્રીએ આગામી ૧૦ વર્ષનાં લક્ષ્યાંકો માટે સ્પષ્ટતાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો. તેમણે ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપતી વખતે કેશલેસ અર્થવ્યવસ્થા દ્વારા લાવવામાં આવેલા ફેરફારો પર નજર રાખવાના મહત્વ તરફ ધ્યાન દોર્યું. તેમણે નાણાકીય સર્વસમાવેશકતા અને સશક્તિકરણની પ્રક્રિયાઓને ગાઢ બનાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

ભારત જેવા મોટા દેશની વિવિધ બેંકિંગ જરૂરિયાતો પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ ‘ઈઝ ઓફ ડુઈંગ બેંકિંગ‘માં સુધારો કરવાની અને નાગરિકોની જરૂરિયાતો અનુસાર સેવાઓ પ્રદાન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

તેમણે દેશના ઝડપી અને ટકાઉ વિકાસમાં આરબીઆઈની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. બેંકિંગ ક્ષેત્રમાં નિયમ-આધારિત શિસ્ત અને રાજકોષીય રીતે સમજદાર નીતિઓ લાવવામાં આરબીઆઈની સિદ્ધિની નોંધ લઈને પ્રધાનમંત્રીએ બેંકોને સરકારના સમર્થનની ખાતરી આપવાની સાથે-સાથે સક્રિય પગલાં લેવા માટે વિવિધ ક્ષેત્રોની જરૂરિયાતોનો આગોતરો અંદાજ લગાવવા પણ જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ ફુગાવાને નિયંત્રણમાં રાખવાનાં પગલાંનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમ કે આરબીઆઈને લક્ષ્યાંક બનાવવાનો અધિકાર આપવો અને આ સંબંધમાં નાણાકીય નીતિ સમિતિની કામગીરીની પ્રશંસા કરી હતી.

### રાજ્યમાં ફરી એકવાર કોરોના બીમારી ફૂંફાડાં મારી રહી છે

# બદલાતા વાતાવરણમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે કોરોના દર્દીઓ નોંધાયા

**બદલાતા વાતાવરણને લઈને રાજ્યમાં કોરોના સાથે સ્વાઈન ફ્લૂના કેસ પણ જોવા મળી રહ્યા છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

રાજ્યમાં ફરી એકવાર કોરોના બીમારી ફૂંફાડાં મારી રહી છે. રાજ્યમાં કોરોનાના ૪૨ કેસ નોંધાયા. કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધવા સાથે એક વ્યક્તિનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે.




માર્ચના અંત સાથે ઠંડીએ વિદાય લીધા બાદ ગરમી તો ક્યાંક વરસાદનો માહોલ જોવા મળ્યો. બદલાતા વાતાવરણને લઈને રાજ્યમાં કોરોના સાથે સ્વાઈન ફ્લૂના કેસ પણ જોવા મળી રહ્યા છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે કોરોના દર્દી નોંધાયા. જ્યારે સ્વાઈન ફ્લુમાં સારવાર લઈ રહેલા ૬ દર્દીમાંથી ચારની તબિયત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં વધતા કોરોના એક્ટિવ કેસ અને સ્વાઈન ફ્લૂના દર્દીઓ વધતા તબીબોએ સાવચેત રહેવાની સલાહ આપી છે. ગરમીના હીટવેવ વધવા સાથે કોરોના અને સ્વાઈનફ્લૂ બીમારીનો પ્રકોપ પણ વધી રહ્યો છે. અસારવા સિવિલમાં કોરોનાના ૩ દર્દી ઑક્સિજન પર છે જ્યારે સ્વાઈન ફ્લૂના ૪ દર્દી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તો સિવિલમાં હાલ સૌથી વધુ વાયરલ ઈન્ફેકશનના ૧૦૦થી વધુ દર્દી નોંધાયા છે. રાજ્યમાં હવામાનમાં પલટો આવવા સાથે લોકો વાયરલ ઈન્ફેકશનો શિકાર થઈ રહ્યા છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં દરરોજની ઓપીડીમાં ૮૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે.અમદાવાદ ઉપરાંત પ્રથમ વખત વડોદરામાં ગોત્રી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂનો એક કેસ નોંધાયો. ગોત્રી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના દર્દીએ એક વૃદ્ધ છે જેમની અન્ય હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી. જ્યારે સયાજી હોસ્પિટલમાંથી ૨ કોવિડ દર્દીને રજા આપવામાં આવી છે.

કોરોના સાથે સ્વાઈનફ્લૂના દર્દીઓ વધતા તબીબોએ લોકોને શક્ય બને ત્યાં સુધી કોરોના ગાઈડલાઈન ફોલો કરવા અપીલ કરી છે. તબીબોનું કહેવું છે કે કોરોના કાળની રોગપ્રતિકારક શક્તિ પ્રત્યે જાગૃકતા વધારવા સાથે સ્વચ્છતા જાળવવા અપીલ કરી છે.

### ખેડા જિલ્લા પોલીસે નવતર અભિગમ અપનાવ્યો

# કોન્સ્ટેબલોએ શ્રવણ બની વૃધ્ધાશ્રમના ૨૩ વડીલોને ડાકોરધામની જાત્રા કરાવી

**પોલીસ એ સમાજનો એક ભાગ છે અને સમાજમાં બનતા ગુનાઓ અટકે અને સારા વિચારોનું આદાનપ્રદાન થાય તે હેતુસર આ એક કામગીરી કરવામાં આવી છે**

। (એજન્સી) ખેડા, તા.૧ ।

સમાજમાં તરછોડેલા, અશક્ત, નિઃસહાય વૃધ્ધો માટે હવે ખેડા જિલ્લા પોલીસે નવતર અભિગમ અપનાવ્યો છે. વસો પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી સાથે કોન્સ્ટેબલોએ શ્રવણ બની વૃધ્ધાશ્રમના ૨૩ વડીલોને ડાકોરધામની જાત્રા કરાવી છે. ઠાકોરજીના દર્શન કરાવી હેતથી ભોજન આપી પરત લાવવામાં આવ્યા છે. ખેડા જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા અને નડિયાદ ડિવિઝનના ડીવાયએસપી વી.આર. બાજપાઈના માર્ગદર્શન મુજબ વસો પોલીસ સ્ટેશનનાઁ જૈં એચ.એન. આજરા અને તેમના સ્ટાફ દ્વારા નવો અભિગમ અપનાવવામાં આવ્યો છે. જેમાં આ પોલીસ મથકના પોલીસ અધિકારી સાથે પોલીસ કર્મીઓએ શ્રવણ બની પીજ ગામે આવેલા જલારામ



વૃધ્ધાશ્રમના ૨૩ વડીલોને ડાકોર ધામની જાત્રા કરાવી છે. વૃદ્ધાશ્રમના આંગણેથી મીની લકઝરી બસ દ્વારા ડાકોરમાં ઠાકોરજીના દર્શન કરાવ્યા. એટલું જ નહીં આ તમામ વડીલ વૃદ્ધોને હેતથી ભોજન પીરસ્યું હતું. આ તમામ કામગીરી પીએસઆઈ એચ. એન. આજરા, હેડ કોન્સ્ટેબલ કનુભાઈ, સંજયભાઈ, દિવ્યાબેન, સોનલબેન, જલ્પાબેન સહિત સમગ્ર પોલીસ સ્ટેશનના સ્ટાફે કરી હતી. પોલીસે તમામ વડીલોનો હાથ પકડી બસમાં બેસાડી મંદિરમાં દર્શન કરાવ્યા હતા. ડાકોરના ઠાકોરના દર્શન કરી દંડી આશ્રમ ખાતે મહંત વિજયદાસજીના આર્શીવાદ મેળવ્યા હતા અને ત્યાં જ ભોજન મેળવ્યું હતું. વસો પોલીસ સ્ટેશનના PSI એચ.એન. આજરાએ જણાવ્યુ હતુ કે, પોલીસ એ સમાજનો એક ભાગ છે અને સમાજમાં બનતા ગુનાઓ અટકે અને સારા વિચારોનું આદાન પ્રદાન થાય તે હેતુસર આ એક કામગીરી કરવામાં આવી છે.

# ડાકોર મંદિરમાં મંગળા આરતી દરમિયાન મારામારીની ઘટના બની

। (એજન્સી) ખેડા, તા.૧ ।

ખેડા જિલ્લામાં આવેલા યાત્રાધામ ડાકોરના રણછોડરાય મંદિરમાં રોજ શ્રદ્ધાળુઓની ભારે ભીડ રહેતી હોય છે. વહેલી સવારથી જ ભક્તો ડાકોરના ઠાકોરના દર્શન માટે ઉમટી પડતા હોય છે. જો કે ઘણી વાર ભકતોની ભારે ભીડ થઈ જતી હોય છે. આજે વહેલી સવારે મંગળા આરતી દરમિયાન ભારે ભીડના કારણે શ્રદ્ધાળુઓ વચ્ચે મારામારી થવાની ઘટના બની હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર રણછોડજી મંદિરમાં આજે વહેલી સવારે મારામારી થવાની ઘટના બની છે.

વહેલી સવારે મંગળા આરતી દર્શન સમયે શ્રદ્ધાળુઓ વચ્ચે જ મંદિરના ઘુમટ નીચે જ મારામારી થવાની ઘટના બની હતી. દર્શન કરવાની જગ્યા બાબતમાં ભક્તોના ટોળા વચ્ચે મારામારી થઈ હતી. મારામારીના દ્રશ્યો થયા કેમેરામાં કેદ થયા છે. સમગ્ર બાબત પોલીસ સ્ટેશન સુધી પહોંચી હતી

### સુરતમાં વધુ એક હત્યાનો બનાવ બન્યો

# પ્રેમ સંબંધમાં વહેમ રાખી મિત્ર એ જ મિત્રની હત્યા કરી

। (એજન્સી) સુરત, તા.૧ ।

લિંબાયત વિસ્તારમાં મોડી રાત્રે હત્યાનો બનાવ બન્યો હતો. પ્રેમ સંબંધમાં વહેમ રાખી મિત્ર એ જ મિત્રની હત્યા કરી હતી હીંચકારી હુમલામાં વચ્ચે પડેલા અન્ય એક મિત્ર ને પણ ચપ્પુ ના ઘા મારી દેતા તેને પણ ગંભીર હાલત માં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. એક નું મોત થયું છે જ્યારે એક જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે. સમગ્ર મામલે પોલીસે હત્યા નો ગુનો નોંધી હત્યારા ને ઝડપી પાડવાનો ચક્રો ગતિમાન કર્યા છે. સુરત માં બહેન સાથે પ્રેમ હોવાની આશંકા મા મિત્ર એ જ મિત્ર ની હત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી.લીંબાયત વિસ્તાર માં મોડી રાત્રે નુરાની મસ્જિદ પાસે મિત્રો એકઠા થયા હતા તે દરમ્યાન વાત વાત માં એક મિત્ર એ તેમના અન્ય મિત્ર શેહબાઝ ખાન પર ચપ્પુ વડે હુમલો કરી દીધો હતો.જેમાં અન્ય એક મિત્ર શેહબાઝ ને બચાવવા જતા તેમને પણ ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં શેહબાઝ અને તેમના મિત્ર ને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે ત્યાં શેહબાઝ ને વધુ ઈજા પહોંચી જતા ટૂંકી સારવાર દરમ્યાન મોત થયું હતું.જ્યારે તેમનો એક મિત્ર હાલ જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. સમગ્ર ઘટનાની વાત કરીએ તો એક બીજા ની આજુબાજુમાં રહેતા બે મિત્રો એકસાથે જ ફરતા હતા તે દરમિયાન હત્યારો છે તેમની બહેન સાથે શેહબાઝને પ્રેમ સંબંધ હોવાનો વહેમ રાખી નુરાની મસ્જિદ પાસે વાત કરવા માટે બોલાવ્યો હતો.તે દરમ્યાન વાતચીત ઉગ્ર બનતા શહેબાઝ પર તેમનાજ મિત્રએ ચપ્પુ વડે હુમલો કર્યો હતો.

### ઉપલેટામાં પણ લાગ્યા વિરોધના પોસ્ટર

# રૂપાલાની વિરુદ્ધ રાજકોટમાં ૧૦૦ ક્ષત્રિયાણી લડશે ચૂંટણી

**રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષ તૃપ્તિબા રાઓલે આ મામલે જાહેરાત કરી હતી**

। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

લોકસભા ચૂંટણીમાં રાજકોટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા વિરુદ્ધ ક્ષત્રિયો સમાજનો આક્રોશ ઓછો થવાનું નામ લઈ રહ્યો નથી. રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓએ નવી રણનીતિ અપનાવી હતી. રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષે જાહેરાત કરી હતી કે રાજકોટમાં ક્ષત્રિય સમાજની ૧૦૦ મહિલાઓ ઉમેદવારી નોંધાવશે. રાજકોટ લોકસભા બેઠક પરથી એક સાથે ૧૦૦ ક્ષત્રિયાણીઓ લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવશે. રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષ તૃપ્તિબા રાઓલે જાહેરાત કરી હતી.

સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના ક્ષત્રિય સમાજમાં રૂપાલા સામે આક્રોશ યથાવત છે. પી.ટી.જાડેજાએ કહ્યું હતું કે ભાજપને ૪૦૦ નહીં, ૪૪૦ સીટ અપાવીશું પણ રૂપાલાને હટાવો. તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમને હટાવવામાં નહીં આવે તો પાંચ લાખ રાજપૂતો ભેગા કરીશું.

ભાજપ નેતા પરશોત્તમ રૂપાલાના ક્ષત્રિયો મહિલાઓના વિરૂદ્ધમાં કરવામાં આવેલી ટિપ્પણી બાદ વિરોધ શાંત નથી થઈ રહ્યો, રાજ્યમાં ઠેર ઠેર ક્ષત્રિયો મેદાનમાં ઉતર્યા છે, રાજકોટ, સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ક્ષત્રિય સંગઠન મેદાનમાં આવ્યા છે, અને પરશોત્તમ રૂપાલાની ટિકીટ પાછી ખેંચવાની ભાજપ પાસે માંગ કરી રહ્યાં છે. હવે આ કડીમાં વધુ બે રાજવી પરિવારો જોડાયા છે, ભાવનગર અને વઢવાણ રાજવી પરિવારે પણ પરશોત્તમ રૂપાલાની ટિપ્પણીનો વિરોધ કર્યો છે, અને ચૂંટણીમાં મતદાન થાય ત્યાં સુધી લડી લેવાનો સંકલ્પ કર્યો છે. રૂપાલાના વિરોધમાં સૌરાષ્ટ્રના રાજવી પરિવારો પણ મેદાનમાં આવ્યા છે, ભાવનગર અને વઢવાણના રાજવી પરિવારોએ રૂપાલાના નિવેદનનો ખુલ્લો વિરોધ દર્શાવ્યો છે અને સમાજ વિરૂદ્ધ આવી ટિપ્પણી ના ચલાવી લેવાયનું કહ્યું છે, તેમને હવે આ લડતને આગળ લડવાનો પણ સંકલ્પ કર્યો છે.

રાજકોટ બેઠક પરના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાનો વિરોધ ક્ષત્રિય સમાજ કરી રહ્યો છે, રૂપાલાના નિવેદન પર હવે વઢવાણ રાજવી પરિવાર આક્રોશિત થયો છે. રાજવી પરિવારના સુધીરસિંહ ઝાલાએ આ સમગ્ર ઘટના પર આક્રોશ વ્યક્ત કર્યો છે. રૂપાલાની ટિકિટ રદ્દ ના થાય ત્યાં સુધી લડી લેવાનો સંકલ્પ કર્યો છે. સુધીરસિંહ ઝાલાએ આ વિરોધને યોગ્ય ગણાવ્યો છે. તેમને કહ્યું કે, આવા નિવેદનો કોઈપણ સંજોગોમાં ના ચલાવી લેવાય. મતદાન સુધી આ લડત ચાલુ રાખવા હૂંકાર કર્યો છે. વઢવાણ રાજવી પરિવાર ઉપરાંત ભાવનગર રાજવી પરિવારે પણ વિરોધમાં સૂર પૂરાવ્યો છે, તેમને પણ રૂપાલાના ક્ષત્રિય મહિલાઓ વિરૂદ્ધના નિવેદનોનો વિરોધ કર્યો છે, આજે પરશોત્તમ રૂપાલાને લઈને ભાવનગરના યુવરાજનું મોટું નિવેદન સામે આવ્યું છે. ભાવનગર યુવરાજ જયવીરરાજસિંહે કહ્યું કે, હું મારા સમાજ સાથે જ છું, આ નિવેદનથી વિરોધ થવાનો જ છે. આગેવાનો માટે સમાજ પછી પક્ષ હોવો જોઈએ. યુદ્ધભુમિમાં રાજપૂતો-મહારાજાઓએ બલિદાન આપ્યા છે.

બીજી તરફ રાજકોટના ઉપલેટામાં પરસોત્તમ રૂપાલા, જયરાજસિંહ જાડેજાના વિરોધમાં બેનર લાગ્યું હતું. ઉપલેટામાં પરસોત્તમ રૂપાલા, જયરાજસિંહ જાડેજા વિરુદ્ધમાં બેનર લાગ્યું હતું. રૂપાલા, જયરાજસિંહના ફોટા પર ચોકડી સાથેના બેનર લાગ્યા હતા. શહેરના જાહેર ચોકમાં પરસોતમ રૂપાલા અને જયરાજસિંહ જાડેજાના ફોટા પર લાલ ક્રોસ કરેલા ફોટા સાથે બેનરો લગાવાયા હતા. બેનરની અંદર "સમાજની વાત - પૂર્વજોનું અપમાન છત્રીયાળીનું અપમાન - સમાજને પડકાર કોઈપણ ચલાવી નહીં લેવાય" સ્લોગન સાથેના બેનર લાગ્યા હતા. ઉપલેટામાં પરસોતમ રૂપાલા સાથે લેવાદેવા ન હોવા છતાં પણ ઉપલેટામાં બેનરો લાગતા ચકચાર મચી ગઈ હતી. નોંધનીય છે કે ઘણા દિવસોથી પરસોતમ રૂપાલાનો ક્ષત્રિય સમાજને લઈને વિવાદ ચાલી રહ્યો છે.

**મને કોઈએ દિલ્હી નથી બોલાવ્યો, ક્ષત્રિય સમાજે મને માફ કર્યો છે**

**રાજકોટમાં લોકસભાની ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રુપાલા ક્ષત્રિય સમુદાય વિશે ટિપ્પણી કરીને ફસાઈ ગયા છે. તેમણે ક્ષત્રિયોની વારંવાર માફી માગી લીધી છે છતાં આ મુદ્દો શાંત નથી થયો. આ દરમિયાન એવી વાતો વહેતી થઈ હતી કે રાજકોટની બેઠક પરથી રુપાલાને બદલવામાં આવશે અને તેમને દિલ્હી પણ બોલાવવામાં આવ્યા છે. જોકે, રુપાલાએ પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે તેમને કોઈએ દિલ્હી બોલાવ્યા નથી. તેમણે એમ પણ કહ્યું કે ક્ષત્રિય સમાજે મને માફ કરી દીધો છે. રૂપાલાએ દલિત સમાજના કાર્યક્રમમાં રાજા-મહારાજાઓ વિશે ટિપ્પણી કરી હતી. હવે તેમણે કહ્યું કે દલિત સમાજનો કાર્યક્રમ મારો સત્તાવાર કાર્યક્રમ ન હતો. આ વિવાદ પર પહેલી વખત જાહેરમાં વાત કરતા રૂપાલાએ કહ્યું કે, દલિત સમાજના કાર્યક્રમમાં હું પ્રચાર માટે ગયો ન હતો. રાજકોટ લોકસભા બેઠક પર કોઇ ફેરફાર હોય તો તે દિલ્હી દરબારથી નક્કી થશે. ક્ષત્રિય સમાજની નારાજગી અંગે તેમણે જણાવ્યું કે ક્ષત્રિય સમાજ વિશે મારાથી ટીપ્પણી થઈ તે મારી ભૂલ હતી. ક્ષત્રિય સમાજની લાગણીને હાનિ પહોંચી હોય તો હું માફી માંગુ છું. મેં ક્ષત્રિય સમાજની માફી માંગી લીધી છે. ક્ષત્રિય સમાજ આગેવાનોએ મને માફ કર્યો છે. તાજેતરમાં ગોંડલના ભૂતપૂર્વ ધારાસભ્ય અને ભાજપના આગેવાન જયરાજ સિંહ જાડેજાએ પોતાને ત્યાં એક બેઠક બોલાવી હતી જેમાં રુપાલા હાજર રહયા હતા.**

# દ્વારકામાં એસી ઓવરહીટ થતાં ઘરમાં આગ લાગી હતી



। (એજન્સી) દ્વારકા, તા.૧ ।

ગુજરાતના દ્વારકામાં એસીએ એક જ ઘરના ૪ લોકોનો ભોગ લીધો છે. દ્વારકામાં એક ઘરમાં રાતે એસી ગરમ થતાં ઘરમાં આગ ફેલાઈ હતી જેમાં ઘરના ચાર સભ્યો પવન ઉપાધ્યાય (૩૯), તેમની પત્ની તિથિ (૨૯), તેમની પુત્રી ધ્યાના અને માતા ભવાનીબેન (૬૯)ના મોત થયાં હતા. આગ લાગતાં ધૂમાડો ફેલાયો હતો જેને કારણે ગૂંગળામણથી તેમના મોત થયાં હતા. દ્વારકા પોલીસ ઈન્સ્પેક્ટર ટી.સી. પટેલે કહ્યું કે શહેરના આદિત્ય રોડ પર આવેલા મકાનના પહેલા માળે રવિવારે રાતે એસી ઓવરહીટ થતાં ૩.૩૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી આ દરમિયાન ઘરમાં પાંચ સભ્યો સુતા હતા. અંધારાને કારણે ઘરનો વીજ પુરવઠો બંધ થઈ જતાં પરિવારના સભ્યો બહાર આવી શક્યા ન હતા અને ગૂંગળામણને કારણે મોતને ભેટ્યાં હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આ દરમિયાન ઘરમાં ધુમાડો ભરાઈ જવાના કારણે એક વ્યક્તિ, તેની પત્ની, તેની આઠ મહિનાની પુત્રી અને તેની માતા ઘરના પહેલા માળે બેભાન અવસ્થામાં પડ્યા છે. તેમને હોસ્પિટલ લઈ જવામાં આવતાં મૃત જાહેર કરાયાં હતા. ઈન્સ્પેક્ટર ટી.સી. પટેલે જણાવ્યું હતું કે, ઘરના ભોંયતળિયે આવેલા ઓરડામાં સૂતેલા શખ્સની દાદીનો સલામત રીતે બચાવ થયો હતો. ગરમ થતાં એએસીમાં વિસ્ફોટ થતાં આગ લાગી હતી જેમાં એક દાદી સિવાય આખો પરિવાર ગૂંગળામણને કારણે મોતને ભેટ્યો હતો. દ્વારકામાં ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ના દિવસે પણ આગની એક મોટી ઘટના બની હતી. પેસિફિક એપાર્ટમેન્ટમાં આગ લાગતાં ૮૩ વર્ષીય મહિલા અને તેની પૌત્રીએ પડતું મૂક્યું હતું જેમાં દાદીનું મોત થયું હતું જ્યારે પૌત્રી બચી ગઈ હતી.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨